dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 42 | AD - 2025, Kartak Vad -11 | Saturday, Dt.15-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## સુશાસન જીત્યું છે, વિકાસ જીત્યો છે, જન કલ્યાણની ભાવના જીતી ગઈ છે : પીએમ મોદી

# બિહારની ચૂંટણીમાં એનડીએ સામે મહાગઠબંધનના સૂપડા સાફ

### એનડીએ ગઠબંધને બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો, ભાજપમાં ખુશીનો માહોલ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪

બિહાર વિધાનસભા ચૂંટણી વિજય પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રતિક્રિયા આપી છે. મોદીએ બિહારમાં એનડીએ સરકારની પ્રશંસા કરી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, ‘‘સુશાસન જીત્યું છે, વિકાસ જીત્યો છે, જન કલ્યાણની ભાવના જીતી ગઈ છે. સામાજિક ન્યાય જીત્યો છે.’’

પીએમ મોદીએ એમ પણ લખ્યું, ‘‘બિહારમાં મારા પરિવારના સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનું છું જેમણે ૨૦૨૫ ની વિધાનસભા ચૂંટણીમાં એનડીએને ઐતિહાસિક અને અભૂતપૂર્વ વિજય સાથે આશીર્વાદ આપ્યા છે. આ પ્રચંડ જનાદેશ આપણને લોકોની સેવા કરવા અને બિહાર માટે નવા સંકલ્પ સાથે કામ કરવા માટે સશક્ત બનાવશે.’’ એનડીએ ગઠબંધને બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. પરિણામો અનુસાર, એનડીએએ ૨૪૩ માંથી ૨૦૦ થી વધુ બેઠકો જીતી છે. ૨૦૧૦ પછી આ એનડીએની સૌથી મોટી જીત છે, જ્યારે ગઠબંધને ૨૦૬ બેઠકો જી તી હતી. આ વખતે, તેજસ્વી યાદવના નેતૃત્વ હેઠળનું મહાગઠબંધન (આરજેડી-કોંગ્રેસ-ડાબેરી પક્ષો) ફક્ત ૩૦-૫૦ બેઠકો પર જ સમેટાઈ ગયું. પ્રશાંત કિશોરની જન સૂરજ પાર્ટી એક પણ બેઠક જીતી શકી નહીં. અસદુદ્દીન ઓવૈસીની એઆઈએમઆઈએમ પાર્ટીએ ૫ બેઠકો જીતી. મહાગઠબંધનના નેતાઓએ જાતિ ગણતરી દ્વારા અત્યંત પછાત વર્ગોને આકર્ષવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સંપૂર્ણપણે નિષ્ફળ ગયા. જનતાએ એનડીએની યોજનાઓમાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને ભારે વિજય અપાવ્યો. તેજસ્વી યાદવના નેતૃત્વમાં રાષ્ટ્રીય જનતા દળે ૧૪૪ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા જ્યારે કોંગ્રેસે ૭૦ બેઠકો પર તેના ઉમેદવારો ઉભા રાખ્યા હતા. મહાગઠબંધને બાકીની બેઠકો સીપીઆઈ અને મુકેશ સાહનીના વીઆઈપીને ફાળવી. જોકે, મહાગઠબંધનની કુલ બેઠકો ૫૦ થી ઓછી રહી. દરમિયાન, ભાજપ અને જદયુએ એનડીએ ગઠબંધનમાં ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી. ચિરાગ પાસવાનની એલજેપીએ ૨૯ બેઠકો જીતી હતી, જ્યારે રાષ્ટ્રીય લોક મોરચા અને હિન્દુસ્તાની અવમ મોરચાએ છ-છ બેઠકો જીતી હતી. એનડીએનો કુલ મત હિસ્સો ૫૦ ટકાની નજીક હતો અને બેઠકોની સંખ્યા ૨૦૦ ની નજીક હતી. રાહુલ ગાંધીએ ૨૦૨૫ ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે જાતિ વસ્તી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારબાદ, તેજસ્વી યાદવે ૧૦ લાખ સરકારી નોકરીઓનું વચન આપ્યું હતું. તેમણે લઘુત્તમ ટેકાના ભાવની ખાતરી પણ આપી હતી, લોન માફ કરી હતી અને મનરેગા હેઠળ વેતનમાં વધારો કર્યો હતો. મહાગઠબંધને સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતી, હોસ્પિટલોમાં મફત ડોકટરો અને દવાઓ પૂરી પાડવા અને શિક્ષણ બજેટમાં વધારો કરવાનું વચન આપ્યું હતું.

છેલ્લા ૧૫ વર્ષોમાં નીતિશ કુમાર સરકાર પર ભ્રષ્ટાચાર, ગુના અને સ્થળાંતરનો આરોપ મૂકવામાં આવ્યો હતો, અને લોકડાઉન દરમિયાન બિહાર પરત ફરેલા મજૂરોની દુર્દશા રજૂ કરવામાં આવી હતી. મહાગઠબંધને ‘‘બિહાર પાછા ફરો, નોકરી મેળવો’’ સૂત્ર પણ આપ્યું હતું. મુસ્લિમ-યાદવ મત બેંકની સાથે, તેમણે અત્યંત પછાત વર્ગો, દલિતો અને મહાદલિતોને પણ આકર્ષવાનો પ્રયાસ કર્યો. તેમણે સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ૩૫% અનામત અને ગ્રામીણ વિસ્તારોમાં ૨૪ કલાક વીજળી અને રસ્તાના સુધારાનું વચન આપ્યું.

એનડીએએ કૌશલ્ય ગણતરી અને મેગા કૌશલ્ય કેન્દ્રો દ્વારા એક કરોડથી વધુ સરકારી નોકરીઓ અને રોજગારનું વચન આપ્યું હતું. તેમણે દરેક જિલ્લામાં મેગા કૌશલ્ય કેન્દ્રો ખોલીને બિહારને વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર બનાવવાનું વચન આપ્યું હતું. તેમણે દરેક જિલ્લામાં એક ફેક્ટરી અને ૧૦ ઔદ્યોગિક ઉદ્યાનો ખોલવાનું વચન આપ્યું હતું. તેમણે ૧૦૦ એમએસએમઈ પાર્ક અને ૫૦,૦૦૦ કુટીર ઉદ્યોગો સ્થાપિત કરવાનું વચન આપ્યું હતું.



### જબરદસ્ત વિજયે બિહારમાં સત્તાના ગલિયારાઓમાં નવો ઇતિહાસ રચ્યો

૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણીના વલણોએ આ વખતે તમામ રાજકીય પરિદૃશ્યોને ઉથલાવી દીધા છે. મતગણતરીમાંથી બહાર આવતા રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) ૨૪૩ વિધાનસભા બેઠકોમાંથી ૨૦૦ થી વધુ બેઠકો જીતી રહ્યું છે. એનડીએ માટે આ જબરદસ્ત વિજયે બિહારમાં સત્તાના ગલિયારાઓમાં નવો ઇતિહાસ રચ્યો છે. આ ચૂંટણીની એક મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે ભાજપનો સૌથી વધુ સ્ટ્રાઇક રેટ છે. તેણે જે ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી હતી તેમાંથી તે ૯૫ બેઠકો પર આગળ છે, જ્યારે તેના ભાગીદાર, જનતા દળ યુનાઇટેડ ૮૪ બેઠકો પર આગળ છે. આ વખતે, ભગવો રંગ બિહાર ચૂંટણીમાં ભાજપને વરિષ્ઠ ભાગીદાર બનાવી રહ્યો છે.

### ભાજપ બિહારમાં ગઠબંધન વિના સરકાર બનાવી શકે છે

૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણીના વલણો દર્શાવે છે કે ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણે નોંધપાત્ર લીડ હાંસલ કરી છે. જો પરિણામો સમાન આંકડા દર્શાવે છે, તો રાજ્યમાં પહેલીવાર એનડીએ મુખ્યમંત્રી નીતિશ કુમારના જદયુ વગર સરકાર બનાવી શકશે. રાજ્યની ૨૪૩ વિધાનસભા બેઠકો માટે બે તબક્કામાં મતદાન થયું હતું. પહેલો તબક્કો ૬ નવેમ્બરે અને બીજો તબક્કો ૧૧ નવેમ્બરે થયો હતો. બહુમતીનો આંકડો પાર કરવા માટે કોઈ પણ પક્ષને ૧૨૨ બેઠકોની જરૂર હોય છે. વલણો દર્શાવે છે કે એનડીએ ૨૦૮ બેઠકો પર આગળ છે, જેમાં ભાજપ ૯૫ બેઠકો પર, જદયુ ૮૪ બેઠકો પર, એલજેપી આર ૧૯ બેઠકો પર, આરએલએસપી ૨ બેઠકો પર અને હમ ત્રણ બેઠકો પર આગળ છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે એનડીએ ગઠબંધન આ વખતે સરકાર બનાવી શકે છે.



### જ્ઞાન, મહેનત અને લોકશાહીના રક્ષકો ‘બિહાર’ના લોકોને મારા હૃદયપૂર્વક સલામ : અમિત શાહ

બિહાર ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જ્યારે રાજદને સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. રાજદ ૨૫ બેઠકો સુધી મર્યાદિત દેખાય છે, અને કોંગ્રેસ આઠમી સૌથી મોટી પાર્ટી બની છે. બિહારમાં એક્સ-ફેક્ટર ગણાતા પ્રશાંત કિશોર પોતાના પક્ષનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ ગયા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એનડીએના જંગી વિજય પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, “આ ‘વિકસિત બિહાર’માં માનનારાઓનો વિજય છે. આ પ્રદર્શનની રાજનીતિ છે.” શાહે કહ્યું, “જ્ઞાન, મહેનત અને લોકશાહીના રક્ષકો ‘બિહાર’ના લોકોને મારા હૃદયપૂર્વક સલામ. બિહારના લોકો તરફથી NDAને મળેલો આ પ્રચંડ જનાદેશ એનડીએની વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને બિહારના ગરીબોના કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર જનતાની મંજૂરીની મહોર છે. છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદીએ બિહાર માટે ઉદારતાથી કામ કર્યું છે, અને નીતિશ કુમારે બિહારને જંગલ રાજના અંધકારમાંથી બહાર કાઢવા માટે કામ કર્યું છે. આ જનાદેશ ‘વિકસિત બિહાર’ પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે છે.”

### અલીનગરમાંથી મૈથિલી ઠાકુરે જીત બાદ અભિનંદન ગીત ગાયું

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો ૧૪ નવેમ્બરના રોજ જાહેર થયા છે. રાજ્યની ૨૪૩ વિધાનસભા બેઠકો માટે ચૂંટણી ૬ અને ૧૧ નવેમ્બરના રોજ યોજાઈ હતી. આ ચૂંટણીમાં, ભાજપે અલીનગર મતવિસ્તારમાંથી ગાયિકા મૈથિલી ઠાકુરને મેદાનમાં ઉતાર્યા હતાં. દરભંગાની અલીનગર વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મૈથિલી ઠાકુરે સતત આગળ ચાલી રહ્યા બાદ આ બેઠક જીતી લીધી છે. આરજેડીના વિનોદ મિશ્રા બીજા સ્થાને રહ્યાં અને જન સૂરજ પાર્ટીના બિપ્લબ કુમાર ત્રીજા સ્થાને રહ્યાં હતાં. આ બેઠક પર કુલ ૧૨ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હતાં. બિહાર વિધાનસભા ચૂંટણીમાં પોતાના પક્ષમાં રહેલા વલણો અંગે મૈથિલી ઠાકુરે કહ્યું, “મને ખૂબ સારું લાગે છે. મને પહેલા દિવસથી જ કોઈ શંકા નહોતી. આ એક અલગ જ સફર રહી છે, જેની મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે હું મારા જીવનમાં આટલી વહેલી તકે સામનો કરીશ. પરંતુ મેં તે જોયું છે, અનુભવ્યું છે, અને હવે હું આગામી પાંચ વર્ષ માટે તૈયાર છું. લોકોએ મને પોતાની પુત્રીની જેમ સ્વીકારી છે; હું ક્યારેય જનતા વચ્ચે નેતા તરીકે ગઈ નથી.






### બિહારમાં એનડીએ સરકાર બનતા ખેડૂતોને વાર્ષિક ૯,૦૦૦ રૂપિયા મળશે

બિહાર ચૂંટણીનું પરિણામ લગભગ સ્પષ્ટ દેખાય છે, એનડીએ સરકાર બનાવશે. એકલા ભાજપને ૯૦ થી વધુ બેઠકો જીતવાનો અંદાજ છે. જોકે, અંતિમ પરિણામો સાંજ સુધીમાં સ્પષ્ટ થઈ જશે. દરમિયાન, બિહારમાં ભાજપની જીતના સમાચારથી ખેડૂતોના ચહેરા પર સ્મિત આવી ગયું છે. આનું કારણ એવું માનવામાં આવે છે કે ભાજપ સત્તામાં આવ્યા પછી, પીએમ કિસાન યોજના હેઠળ ખેડૂતોને વાર્ષિક ૬,૦૦૦ રૂપિયા જ નહીં, પરંતુ ૯,૦૦૦ રૂપિયા મળશે. આવું શા માટે છે તે સમજવું મહત્વપૂર્ણ છે. હાલમાં, પીએમ કિસાન યોજના દેશભરના ખેડૂતોને વાર્ષિક ૬,૦૦૦ રૂપિયા પ્રદાન કરે છે. ચાલો જાણીએ કે બિહારના ખેડૂતો કેટલા પૈસા મેળવવાની અપેક્ષા રાખી શકે છે. વાસ્તવમાં, પીએમ કિસાન યોજના હેઠળ, કેન્દ્ર સરકાર ખેડૂતોને વાર્ષિક ૬,૦૦૦ રૂપિયા (દરેક ૨,૦૦૦ રૂપિયાના ત્રણ હપ્તા) પ્રદાન કરે છે. પરંતુ જ્યારે એનડીએએ બિહારમાં ચૂંટણી પ્રચાર દરમિયાન પોતાનો ઢંઢેરો બહાર પાડ્યો, ત્યારે તેમાં કહેવામાં આવ્યું હતું કે PM કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ મેળવનારા ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયા નહીં, પરંતુ વાર્ષિક ૯,૦૦૦ રૂપિયા મળશે.







શ્રદ્ધાંજલી

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી જે નાશ પામે છે
તે શરીર માત્ર છે આત્મા શાશ્વત અને અમર છે,
જન્મ અને મૃત્ય નિશ્ચિત છે, કેવુ જીવ્યા એ જ યાદ રહી જાય છે,
આપનો દેહ વિલીન થયો છે, પરંતુ આત્માનો વિલય થયો નથી,
અમારા હૃદયમાં આપની સ્મૃતિ કદી વિસરાશે નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...



સ્વ. લક્ષ્મીકાંતભાઈ રણછોડભાઈ કાનાણી
(ઉપપ્રમુખ, શ્રી ચિતલ ગૃપ સેવા સહકારી મંડળી લી. ચિતલ)
સ્વ.તા. ૩૧/૧૦/૨૦૨૫

લી.
શ્રી ચિતલ ગૃપ સેવા સહકારી મંડળી લી. ચિતલ

| જંયતિભાઈ દેસાઈ | રીશીતભાઈ દેસાઈ | સંજયભાઈ લીંબાશીયા |
|---|---|---|
| કલાર્ક | મંત્રી | પ્રમુખ |

બોર્ડ ઓફ ડીરેકટર્સ

| | | |
|---|---|---|
| મનસુખભાઈ માંગરોળીયા | ચતુરભાઈ દેસાઈ | ભુપતભાઈ વાળા |
| કેશુભાઈ મેશીયા | જયેશભાઈ નાકરાણી | ઝવેરભાઈ દેસાઈ |
| જગદીશભાઈ દેસાઈ | નાનજીભાઈ પરમાર | બાલાભાઈ લીંબાશીયા |
| મગનભાઈ સાકરીયા | | હિંમતભાઈ ગજેરા |


### બિહાર વિધાનસભા ચૂંટણીમાં પણ ‘મત ચોરી’ થઇ હતી : સિધ્ધારમૈયા

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે કહ્યું કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં પણ ‘મત ચોરી’ થઈ હતી, જ્યાં એનડીએ મત ગણતરી દરમિયાન બહુમતીનો આંકડો પાર કરી રહ્યું હોય તેવું લાગે છે. તેમણે સ્વીકાર્યું કે મહાગઠબંધન (કોંગ્રેસ-આરજેડી)ને મળેલી હારનું કારણ હજુ પણ સ્પષ્ટ નથી. આ દરમિયાન, સિદ્ધારમૈયાએ કહ્યું, ‘આપણે લોકોના નિર્ણયનો સ્વીકાર કરવો પડશે.’ મને ખબર નથી કે આપણે કેમ નિષ્ફળ ગયા, હું બિહાર પણ ગયો ન હતો. કોણે આપણને ટેકો ન આપ્યો, શા માટે તેમણે ન આપ્યો - હું શોધીશ.” જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે બિહારમાં ઓબીસી મતો નિર્ણાયક હોવા છતાં કોંગ્રેસને ટેકો કેમ ન મળ્યો, ત્યારે તેમણે જવાબ આપ્યો, “કોણ ઓબીસી નથી? નીતિશ કુમાર પણ ઓબીસી છે.”




## તંત્રએ બંધ થયેલા રૂટ ચાલુ કરવાની લેખીતમાં બાંહેધરી આપતા

# એસ.ટી. પ્રશ્ને આપવામાં આવેલુ બગસરા બંધનું એલાન પરત ખેંચાયું

બગસસરા,તા.૧૪

બગસરા એસ.ટી.ડેપોના કથળેલા વહીવટને કારણે દરરોજ ૧૫થી ૨૦ રૂટ બંધ રહેતા હોવાથી શહેરીજનો અને ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો જેથી લોકોની મુશ્કેલી ધ્યાને લઈ ચેમ્બર ઓફ કોમર્સ અને પેસેન્જર એસો.એ શનિવારના રોજ બગસરા બંધનું એલાન આપ્યુ હતું. જો કે એલાન બાદ એસ.ટી.તંત્ર સફાળુ જાગી ધારાસભ્યની હાજરીમાં બંધ થયેલા રૂટ ચાલુ કરવા માટે લેખીત બાહેધરી આપતા શનિવારે આપવામાં આવેલુ બંધનું એલાન પરત ખેંચવામાં આવ્યુ છે. બગસરા એસ.ટી.ડેપોનો વહીવટ છેલ્લાં ઘણા સમયથી ખાડે ગયો છે. લોકોની નવા રૂટ શરૂ કરવાની માંગ તો દૂર રહી પરંતુ ચાલુ રૂટ પણ બંધ કરી નાખવામાં આવે છે. તેથી શનિવારે બગસરા બંધનું એલાન આપવામાં આવ્યુ હતું. એલાન બાદ ધારાસભ્ય જે.વી. કાકડીયા તાત્કાલિક દોડી આવ્યા હતા અને સામાજિક સંસ્થાઓ સાથે બેઠક યોજી હતી અને બંધ થયેલા એસ.ટી. રૂટ ચાલુ કરવાની



લેખીતમાં બાહેધરી આપી હતી તેમજ ડિસેમ્બરમાં નવા ડ્રાઈવર આવશે ત્યારે બંધ થયેલા તમામ રૂટ શરૂ કરવાની બાહેધરી આપી હતી. સાથોસાથ સમયમાં આવનારા બગસરા- વડોદરા-પાવાગઢ, માતાના મઢ, ગાંધીનગર, દ્વારકા, નાથદ્વારા બસ ચાલુ કરવાની પણ ખાતરી આપવામાં આવી હતી.

### ડેપો મેનજરની બદલી કરવા ધારાસભ્ય સમક્ષ રજૂઆત

બગસરા એસ.ટી.ડેપોમાં છેલ્લાં ઘણા સમયથી વહીવટ કથળ્યો હોવાથી સામાજિક સંસ્થાઓ આકરા પાણીએ હોવાથી ધારાસભ્ય જે.વી. કાકડીયા તાત્કાલિક ગાંધીનગરથી દોડી આવ્યા હતા અને મામલતદારની હાજરીમાં સામાજિક સંસ્થાઓ સાથે બેઠક યોજી રૂટ ચાલુ કરવાની બાહેધરી આપી હતી પરંતુ બગસરામાં પ્રથમવાર ડેપો મેનેજરની બદલી કરવા માટે સંસ્થાઓ દ્વારા ધારાસભ્યને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી અને ધારાસભ્યએ સંસ્થાઓની હાજરીમાં જ કોઈ કડક અધિકારીની બગસરા ડેપોમાં નિમણૂંક કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

## ધર્મજીવન હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન ડો. હરકેશ ઝાલાવાડીયાની સિદ્ધિ

# અમરેલીમાં આયુષ્યમાન ભારત યોજના હેઠળ ૧૦૫ વર્ષિય દર્દીના ગોળાનું સફળ ઓપરેશન

અમરેલી, તા.૧૪

અમરેલીની જાણીતી અને આધુનિક સુવિધાઓથી સજ્જ શ્રી ધર્મજીવન હોસ્પિટલે તબીબી ક્ષેત્રે એક અદ્ભુત સિદ્ધિ હાંસલ કરી છે. હોસ્પિટલના નિષ્ણાત ઓર્થોપેડિક સર્જન ડૉ. હરકેશ ઝાલાવાડીયા દ્વારા ૧૦૫ વર્ષના અતિવૃદ્ધ દર્દી લાભુબેન ધરમશીભાઈ સાંગાણીના ગોળાનું સફળ ઓપરેશન



કરવામાં આવ્યું હતું. આ જટિલ સર્જરી માત્ર સફળતાપૂર્વક પાર પાડવામાં જ નથી આવી, પરંતુ તે કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) હેઠળ સંપૂર્ણપણે નિ:શુલ્ક કરવામાં આવી છે, જેણે ગુણવત્તાયુક્ત સારવારને સમાજના દરેક સ્તર સુધી પહોંચાડવાના ઉદ્દેશને સાર્થક કર્યો છે. પડી જવાના કારણે લાભુબેનને ગોળાના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. આટલી મોટી ઉંમરે કોઈપણ સર્જરી, ખાસ કરીને ગોળાનું ઓપરેશન, અત્યંત જોખમી અને પડકારરૂપ ગણાય છે. જોકે, ડૉ. ઝાલાવાડીયાએ તેમની વર્ષોની નિપુણતા અને અનુભવના આધારે દર્દીના તમામ મેડિકલ પરિમાણોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો હતો. તેમણે હોસ્પિટલના અત્યાધુનિક ઓપરેશન થિયેટર (Modular OT) અને અનુભવી એનેસ્થેટિસ્ટ તથા પેરામેડિકલ સ્ટાફની મદદથી આ કઠિન સર્જરીને સફળતાપૂર્વક પાર પાડી હતી.

# બગસરામાં આવતીકાલે માઈન્ડ પાવર સેમિનાર

અમરેલી,તા.૧૪

બગસરા શહેરના લેઉવા પટેલ સમાજવાડી ગોકુલપરામાં તા.૧૬ને રવિવારે માઈન્ડ પાવર સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આર. કે. માઈન્ડ પાવર ડેવલપર્સ, જામનગરના ફાઉન્ડર અને જાણીતા ટ્રેનર પરેશકુમાર ભંડેરી આ સેમિનારમાં માર્ગદર્શન આપશે. બપોરે ૩ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાનારા આ સેમિનારમાં વ્યક્તિત્વ વિકાસ, અનુશાસન અને માનસિક શક્તિ વધારવા માટે અનેક વિષયો પર વિશેષ માર્ગદર્શન મળશે. સેમિનારમાં ઉર્જાવાન રહેવાની રીતો, આત્મવિશ્વાસ અને ઉત્સાહમાં વધારો, લાગણીઓ પર નિયંત્રણ, કલ્પનાશક્તિ અને એકાગ્રતા વિકસાવવાની પદ્ધતિ જેવી મહત્વપૂર્ણ બાબતોને સરળ ભાષામાં સમજાવવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે વાંચેલું લાંબો સમય યાદ રાખવા તથા અભ્યાસ સાથે ગણતરના મહત્વ વિશે પણ વિગતથી માર્ગદર્શન મળશે. મોબાઈલના અજંપાજનક ઉપયોગમાંથી છૂટકારો મેળવવા, નેગેટિવ વિચારો દૂર રાખવા તથા બિઝનેસને ઊચ્ચતાએ પહોંચાડવા માટેની ખાસ ટિપ્સ પણ આપવામાં આવશે. ગ્રાહકો સાથે આત્મીયતા કેવી રીતે વધારવી અને ધંધાને વિશાળ ફલક તરફ કેવી રીતે દોરવો તે વિષે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારનું આયોજન ખ્યાતિ ડોબરીયા દ્વારા કરવામાં આવ્યું છે.

# સાવરકુંડલા પાંજરાપોળ ખાતે બાયોગેસ પ્લાન્ટ અને ધન જીવામૃત પ્રોજેક્ટનું ભૂમિપૂજન

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલામાં પ્રાકૃતિક ઊર્જા અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે, શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ (પાંજરાપોળ), નેસડી રોડ, સાવરકુંડલા ખાતે બાયોગેસ પ્લાન્ટ અને ધન જીવામૃત બનાવવાના પ્રોજેક્ટનું ભૂમિપૂજન યોજવામાં આવ્યું છે. આ ભૂમિપૂજન કાર્યક્રમ તા. ૧૫/૧૧ ને શનિવારના રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે રાખવામાં આવેલ છે. આ પ્રોજેક્ટનું આયોજન ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (GEDA), ગાંધીનગર તેમજ ગુજરાત બાયોએનર્જી ફર્ટિલાઈઝરનાં સહકારથી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા પણ હાજર રહેશે. અતિથિ વિશેષ અને અધિકારીગણની વિશેષ ઉપસ્થિતિ સહિત બહોળી સંખ્યામાં શહેરીજનો પધારે તેવી શ્રી કૃષ્ણ ગૌશાળા પરિવાર દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે.

**ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે ભૂમિપૂજન કરાશે**

# મોટી કુંકાવાવ માર્કેટિંગ યાર્ડમાં મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ઓનલાઈન મગફળી ખરીદીનો શુભારંભ

અમરેલી,તા.૧૪

મોટી કુંકાવાવ ખાતે બગસરા રોડ પર આવેલા નવાં માર્કેટિંગ યાર્ડ ખાતે ઓનલાઈન મગફળી ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આ વિસ્તારના ધારાસભ્ય અને રાજ્ય સરકારના કાયદા-ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે ઓનલાઈન મગફળી ખરીદીના શ્રીગણેશ કરવામાં આવ્યા હતા. મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ શાબ્દિક પ્રવચનમાં



જણાવ્યું હતું કે, ઓનલાઈન મગફળીની ખરીદી શરૂ થતાં ખેડૂતોએ પોતાનો પાક વેચવા બહારગામ નહી જવું પડે અને ઘરઆંગણે જ પોતાના ખેતી ઉત્પાદનો વેચી શકશે. તેમણે અધિકારીઓનું ધ્યાન દોરીને જણાવ્યું હતુ કે, તાલુકાના કોઈપણ ખેડૂત ખાતેદારોને ઓનલાઈન અરજી બાબતે કોઈ તકલીફ કે મુશ્કેલી ન પડે તેની ખાસ કાળજી રાખવામાં આવે. આ પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, દેવરાજભાઈ રાંક, બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન-વાઈસ ચેરમેન, કુંકાવાવ-વડીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના તમામ સરપંચો અને રાજકીય મહાનુભાવો હાજર રહ્યા હતા. આ સાથે જ કો-ઓપરેટિવ ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ સોસાયટી લિમિટેડ અમરેલી દ્વારા મગફળી ખરીદીના શ્રીગણેશ થયા હતા. કુલ ૩૨ ખાતેદારોને મેસેજ કરેલ જેમાંથી ૧૦ ખેડૂત ખાતેદારો પ્રથમ દિવસે પોતાની મગફળી લઈ યાર્ડમાં આવ્યા હતા. કૃષિ અને ગ્રામ વિકાસ રાજ્ય સહકારી સંઘના ચેરમેન મનિષ સંઘાણીએ પણ આજના દિવસે મુલાકાત લીધી હતી. કુંકાવાવ માર્કેટિંગ યાર્ડના ચેરમેન ગોપાલભાઈ અને રમેશભાઈ સાકરીયાએ આવેલ ખેડૂતો અને ગ્રામજનોને આવકાર્યા હતા.

# ભાલવાવમાં બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે આયુર્વેદિક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ભાલવા,તા.૧૪

બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે ભાલવાવ પ્રાથમિક શાળા ખાતે આયુર્વેદિક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન આયુર્વેદિક દવાખાનું શાખપુર, ગુજરાત આરોગ્ય વિભાગ અને વિશ્વ હિન્દુ પરિષદના સેવા વિભાગના સંયુક્ત ઉપક્રમે સવારના ૧૦ વાગ્યાથી કરવામાં આવ્યું હતું.

આ આયુર્વેદિક સર્વ નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. આ કેમ્પના શુભારંભ પ્રસંગે સરપંચ કલ્પેશભાઈ વિરાણી, એડવોકેટ ઈતેશ મહેતા અને એડવોકેટ રાજેશ્વરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના ચીખલી ગામના રાહુલભાઈ વાઘમશીની ભારતની બહેરા-મૂંગા ક્રિકેટ ટીમમાં પસંદગી કરાઈ

સાવરકુંડલા,તા.૧૪

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ચીખલી ગામના પ્રતિભાશાળી યુવા ક્રિકેટર રાહુલભાઈ શામળભાઈ વાઘમશીની ભારતની રાષ્ટ્રીય બહેરા-મૂંગા ક્રિકેટ ટીમમાં વરણી થતાં સમગ્ર ગામ અને આખા જિલ્લામાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું છે.

રાહુલભાઈએ પોતાની અથાગ મહેનત, લગન અને અસાધારણ પ્રતિભાના દમ પર ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું છે. આવનારા ડિસેમ્બર-૨૦૨૫માં તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરતાં યુનાઈટેડ આરબ એમિરેટ્સ (યુએઈ) ખાતે યોજાનાર



આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમવાના છે.

આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ચીખલી ગામ, વાઘમશી પરિવાર, સાવરકુંડલા તાલુકો તેમજ સમગ્ર અમરેલી જિલ્લો ગૌરવ અનુભવે છે. રાહુલભાઈએ પોતાના અસાધારણ પ્રદર્શન દ્વારા ન માત્ર પોતાના ગામ-જ્ઞાતિનું, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

# આશિષ શરાફી સહકારી મંડળી-બગસરાએ શ્રેષ્ઠ કામગીરી બદલ તૃતીય સ્થાન મેળવ્યું

અમરેલી,તા.૧૪

અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ૭૨મા ભારતીય સહકાર સપ્તાહની ઉજવણી અંતર્ગત સહકારી સેમિનાર તેમજ જિલ્લાની શ્રેષ્ઠ કામગીરી કરનાર મંડળી તરીકે જિલ્લામાં તૃતીય સ્થાન મેળવવા બદલ શ્રી આશિષ શરાફી સહકારી મંડળી લી-બગસરાનું સન્માન કરવામાં આવશે. તા.૧૬ને રવિવારના રોજ સતવારા સમાજની વાડી ખાતે સાંજના ૪ કલાકે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ મંડળીના ચેરમેન અનિલકુમાર શેખે જણાવ્યું હતું કે, ખુબ જ ટૂંકાગાળામાં મંડળીએ સભાસદોનો વિશ્વાસ જીત્યો છે. પારદર્શક વહીવટ અને સભાસદના હિતનું ધ્યાન રાખી મંડળી દ્વારા નિર્ણયો લેવામાં આવે છે. ફિકસ ડિપોઝીટ પર સભાસદને પુરૂ વળતર મળે તેવા પ્રયાસો કરવામાં આવે છે. મંડળીનો તૃતીય નંબર સભાસદો અને ડીરેકટરોને આભારી છે.










# બગોયાની પ્રા.શાળાના સામાન્ય ઓરડામાં રાજ્યપાલનું રાત્રિરોકાણ

અમરેલી,તા.૧૪

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સાવરકુંડલા તાલુકાના બગોયા ગામની મુલાકાત દરમિયાન "એક પેડ મા કે નામ" અંતર્ગત પ્રાથમિક શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવાની સાથે ગામના ચોક-ચોરાહેથી ગ્રામજનોને સંબોધન કર્યું હતું. રાજ્યપાલને સાવરકુંડલા ધારાસભ્ય મહેશ કસવાળા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, બગોયા ગામના અગ્રણીઓ, ગ્રામજનો અને શાળાની બાળકીઓએ ઉમળકાભેર આવકાર્યા હતા. રાજ્યપાલે પણ સૌનું અભિવાદન ઝીલ્યું હતું. રાજ્યપાલે બગોયા ગામના મુખ્ય ચોક ખાતેથી ગ્રામજનોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી લોકોના સ્વાસ્થ્યને બચાવવું એ પુણ્યનું કામ છે. ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અતિરેકભર્યા ઉપયોગથી લોકોના સ્વાસ્થ્યને ગંભીર અસર થઈ રહી છે. આપણે ઝેરમુકત કૃષિ અપનાવવી જરુરી બની છે. કેન્સર, ડાયાબિટીસ વગેરે બીમારીઓનું પ્રમાણ વધ્યું છે. યુરિયા, ડી.એ.પી ખાતરનો ખેતીમાં વપરાશ વધતા પર્યાવરણ પર ગંભીર



અસર થઈ રહી છે. આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સમગ્ર વિશ્વ માટે ખતરો બની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાસાયણિક ખેતીથી વાતાવરણ પણ દૂષિત થઈ રહ્યું છે, યુરિયામાં નાઈટ્રોજન હોય છે, જે હવાના ઓક્સિજન સાથે મળીને પર્યાવરણ માટે ખૂબ જ હાનિકારક એવો નાઈટ્રસ ઓક્સાઈડ ગેસ બનાવે છે. જે પર્યાવરણ માટે ખૂબ હાનિકારક ગણાતા કાર્બન ડાયોક્સાઈડ કરતા પણ ૩૧૨ ગણો નુકસાનરૂપ છે. તેમણે આવનારી પેઢીના સ્વાસ્થ્ય માટે ગ્રામજનોને પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો ખાસ અનુરોધ કરતા જણાવ્યું હતું કે, ધરતી બિનઉપજાવ બની રહી છે, પર્યાવરણીય સમસ્યાઓ વકરી રહી છે, ત્યારે પ્રાકૃતિક કૃષિથી જ લોકોના સ્વાસ્થ્ય અને પ્રકૃતિનું રક્ષણ થઈ શકશે. આ સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગ્રામજનોને પોતાના ઘરની સાથે ઘરની આસપાસના વિસ્તારની પણ સાફ-સફાઈ નિયમિત રીતે કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સ્વચ્છતા થકી સમ્માન વધે છે. ઉપરાંત ગ્રામજનોને વૃક્ષારોપણ કરીને વૃક્ષ ઉછેર કરવા માટે પ્રેરિત કર્યા હતા. રાજ્યપાલએ પ્રાકૃતિક કૃષિને ઈશ્વરીય વ્યવસ્થામાં સહયોગરૂપ ગણાવી હતી. રાજ્યપાલ બગોયા પ્રાથમિક શાળાની મુલાકાત કરીને સુવિધા અને વ્યવસ્થાઓથી વાકેફ થયા હતા તેમજ બાળકો અને શિક્ષકો સાથે મુલાકાત કરી હતી. આ તકે સર્વે મહાનુભાવોએ "સ્વચ્છતા અભિયાન"માં સહભાગી બનીને લોકોને "સ્વચ્છતા ત્યાં પ્રભુતા"નો સંદેશ આપ્યો હતો. વધુમાં રાજ્યપાલે સફાઈ કર્મીઓને સન્માનિત કર્યા હતા.

### તંત્રએ તપાસ કરતા ૯૫૦ કિલો ઘઉં હોવાનું માલુમ પડ્યું

# અમરેલીના પાણી દરવાજા સામે બિનવારસી અનાજનો જથ્થો મળી આવ્યો

**પુરવઠા મામલતદાર ટીમે અનાજનો જથ્થો ઝડપી સીઝ કર્યો**



અમરેલી,તા.૧૪

અમરેલી શહેરમાં આવેલા પાણી દરવાજા નજીક ખુલ્લા મેદાનમાં અનાજનો બિનવારસી જથ્થો મળી આવતા મામલતદારની ટીમ દ્વારા અનાજનો જથ્થો સીઝ કરી જથ્થા બાબતે તપાસ હાથ ધરી છે.

અમરેલીના પાણી દરવાજા સામે ખુલ્લી જમીનમાં અનાજની ગુણી બિનવારસી હાલતમાં પડેલી હોવાની મામલતદારની ટીમને માહિતી મળી હતી. જેથી આ માહિતીના આધારે મામલતદારની ટીમના જ સોલંકી સહિતના કર્મચારીઓ સ્થળ પર દોડી ગયા હતા જયાં અનાજનો બિનવારસી જથ્થો પડેલો હોય અનાજની તપાસ કરતા ગુણમાં ઘઉં ભરેલા હોય તેનું વજન કરતા ૯૫૦ કિલો હોવાનું જાણવા મળ્યુ છે. આ અનાજની કિંમત વજનકાંટા સહિત રૂ.૨૮૧૫૦ આંકવામાં આવી હતી. આ જથ્થો કોનો છે? અને અહીં કોણ મૂકી ગયું તેની તપાસ કરવામાં આવી રહી છે. હાલ તો મામલતદારની ટીમ દ્વારા આ જથ્થાને સીઝ કરી ગોડાઉનમાં મુકવામાં આવ્યો છે. અત્રે નોંધનીય છે કે સરકાર દ્વારા આપવામાં આવતા અનાજને લોકો ફેરીયાને વેંચી નાખી રોકડી કરે છે. આ કારણે અનાજનો જથ્થો વેચનાર લોકોના રેશનકાર્ડ રદ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# બગોયા ગામે રાજ્યપાલે સાધુ સમાજની મહેમાનગતિ માણી

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા તાલુકાના બગોયા ગામે ગુજરાત રાજ્યન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગોસ્વામી સાધુ સમાજનાં ઘરઆંગણે પધાર્યા હતા. પૂ. ઈન્દ્રભારથી બાપુ(શ્રી પંચ દશનામ જુના અખાડા જૂનાગઢ)ના શિષ્ય ભીખુગીરી બાપુને ત્યાં શુક્રવારનાં રોજ સવારે ૯:૦૦ કલાકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાયમાતાને ગોળ ખવરાવ્યો હતો. ભીખુગીરી બાપુએ રાજ્યપાલને ભગવી શાલ તેમજ રુદ્રાક્ષની માળા આપીને તેમજ



તસવીર : સૌરભ દોશી

તેમના મોટા દીકરા મહેશગીરી ગોસ્વામીએ પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. તેમજ ભીખુગીરી બાપુની પૌત્રી વૃંદાબેને રાજ્યપાલનું ચિત્ર બનાવીને ભેટ આપી હતી. રાજ્યપાલે સાધુ સમાજના પરિવારજનો સાથે સંવાદ કર્યો હતો.

# જીઈબી એન્જિનિયર એસોસિએશન અમરેલી દ્વારા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાનું સન્માન કરાશે

અમરેલી, તા.૧૪



જીઈબી એન્જિનિયર્સ એસોસિએશન અમરેલી દ્વારા ગુજરાત રાજ્યના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સના મંત્રી કૌશિકભાઈ વેકરીયાનું સન્માન થશે. આવતી કાલ રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે હોટલ લોર્ડ્સ જૂનું માર્કેટ યાર્ડ ખાતે આ સન્માન સમારોહ યોજાશે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના સન્માન સમારોહમાં અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની વિશેષ ઉપસ્થિતિ રહેશે જ્યારે અતિથિ વિશેષ તરીકે ધારાસભ્યો જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડિયા, મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી પણ હાજર રહેશે.

# બગસરા ખાતે જેસીઝ ગૃપ દ્વારા ૬૩૦મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**જરૂરિયાતમંદ દર્દીઓએ આ વિનામૂલ્યે યોજાયેલા કેમ્પનો લાભ લીધો**

અમરેલી,તા.૧૪

બગસરા ખાતે જેસીઝ ગ્રુપ દ્વારા ૬૩૦મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનું આયોજન રાજકોટ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ



ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દર્દીઓને વિનામૂલ્યે આંખના ઓપરેશન માટે રાજકોટ લઈ જવામાં આવે છે. ઓપરેશન દરમિયાન તેમને ચા, પાણી, નાસ્તો અને ભોજન પૂરું પાડવામાં આવે છે. ઓપરેશન બાદ દર્દીઓને વાહન દ્વારા પરત બગસરા પહોંચાડવાની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાય છે. આ ૬૩૦મો કેમ્પ રાજુભાઈ બામટાના પિતા ભવાનીશંકર બામટા અને માતુશ્રી સાવિત્રીબેન બામટાની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત કરાયો હતો. આ કેમ્પનો મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો હતો.

# અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન

અમરેલી,તા.૧૪

અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં રહેતા સર્વજ્ઞાતિ સમાજના ૩૫મા સમૂહલગ્નનું તા.૧૬/૧૧/૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવ્યુ છે. આ સમારંભમાં ઉદ્‌ઘાટક તેમજ પ્રમુખ, અતિથી મહેમાનો આ સમૂહલગ્નમાં હાજરી આપશે. આ સમૂહલગ્નનું આયોજન પ્રમુખ રમેશભાઈ એસ. ગોહીલ, અમરેલી તેમજ પરશોતમભાઈ એન. મકવાણા તથા રમેશભાઈ આર. ડાભી, ભીખુભાઈ પી. મકવાણા, શંભુભાઈ ટી. માલકીયા, ભાવેશભાઈ વાઘેલા અને જગદીશભાઈ ચાવડા, શંભુભાઈ (ચરખડીયા) દ્વારા કરવામાં આવ્યું છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


# બગસરામાં મતદારયાદી કાર્યક્રમનો લાભ લેવા અપીલ

**આ કાર્યક્રમ આગામી ૧૫, ૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાશે**

અમરેલી,તા.૧૪

બગસરામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી ૧૫, ૧૬, ૨૨ અને ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાશે. બગસરાના મામલતદાર પ્રશાંત ભીંડીએ મતદારોને આ કાર્યક્રમનો લાભ લેવા અપીલ કરી છે. આ સુધારણા કાર્યક્રમ અંતર્ગત બગસરા તાલુકાના ૯૪ વિધાનસભાના ૭૪ મતદાન બૂથ અને વિસાવદર ૮૭ વિધાનસભાના ૭ બૂથ પર કાર્યવાહી હાથ ધરાશે. મતદારો પોતાની યાદીમાં કોઈપણ પ્રકારનો સુધારો કરાવવા માટે સંબંધિત મતદાન મથકે જઈ શકશે. આ કાર્યક્રમ દરમિયાન દરેક મતદાન મથકે બૂથ લેવલ ઓફિસરના કર્મચારીઓ હાજર રહેશે.


**નામ બદલાવેલ છે**

મારું નામ રાહુલકુમાર સુરેશ બાંભણિયા માંથી બદલીને રાહુલકુમાર સુરેશભાઈ બાંભણીયા રાખેલ છે.
મહાજન ગલી, પોલીસ સ્ટેશનની સામેનો વિસ્તાર, જાફરાબાદ, જી.અમરેલી
પિન: ૩૬૫૫૪૦



દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...
BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, મુ.અમરેલી//**

અપીલ રજી. નં.૧૯૭/૨૦૨૫

અરજદાર :- રહીમભાઈ નબીજીભાઈ મુલતાની
રહે. ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ખીજડીયા રાદડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથીલાગતાવળગતાઓનેઆજાહેરનોટીસથીજાણકરવામાંઆવેછે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી રહીમભાઈ નબીજીભાઈ મુલતાની તેઓના પુત્રી શબાનાબેન રહીમભાઈ મુલતાની ની જન્મ (તા.૦૧/૦૧/૧૯૮૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


## જોઈએ છીએ

અમરેલી જીલ્લામાં એચ.આઈ.વી. ક્ષેત્રે કામ કરતી એ.ડી.એન.પી. + સંસ્થામાં "વિહાન ૨.૦" પ્રોજેકટ અંતર્ગત નીચે મુજબનો સ્ટાફ જોઈએ છીએ

| જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|
| સી.એસ.સી કો-ઓર્ડીનેટર-૧ | પોસ્ટ ગ્રેજ્યુએટ (MSW,MA વિથ સાઈકોલોજી) સાથે બે વર્ષનો સંબંધિત અનુભવ ધરાવતા અથવા ગ્રેજ્યુએટ સાથે ત્રણ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા. (HIV પોજીટીવ લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે) | ૧૫૦૦૦+ ૨૫૦૦ ટ્રાવેલિંગ |

નોંધ : સ્વખર્ચે ઈન્ટરવ્યુંહમાં ઉપસ્થિત રહેવું.
તારીખ : ૧૯-૧૧-૨૦૨૫
રજીસ્ટ્રેશન : સવારે ૧૦ કલાક થી ૧૧ કલાક.
સ્થળ : એ.ડી.એન.પી.+ વિહાન ૨.૦ પ્રોજેકટ, પરેશભાઈ આચાર્ય ઓફિસની ઉપર, સિવિલ હોસ્પિટલની બાજુમાં, અમરેલી.
સંપર્ક સુત્ર : ૦૨૭૯૨-૨૩૨૪૩૧

# મગફળી મામલે અફવા ઉડતા ભાવનાબેન ગોંડલીયાએ ધારી યાર્ડમાં જઈ વાસ્તવિકતા ચકાસી

ધારી, તા. ૧૪

ધારી માર્કેટયાર્ડ ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ખેડૂતોને "વિસાવદર માર્કેટમાં મગફળીની ગુણીમાં માત્ર ૩૦ કિલો ૮૦૦ ગ્રામ ભરતી થાય છે'' એવી વાતો કરીને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યાં હોવાના આક્ષેપો વચ્ચે, ભાવનાબેન ગોંડલીયાએ પોતે ધારી માર્કેટયાર્ડ ખાતે પહોંચી ખેડૂતો સાથે બેઠક યોજી હતી.

ખેડૂતોની વાત સાંભળ્યા બાદ ભાવનાબેન ગોંડલીયાએ વિસાવદર માર્કેટયાર્ડ ખાતે પહોંચી વાસ્તવિક પરિસ્થિતિ ચકાસી હતી. તેમણે કનૈયા ફાર્મ ખાતે સેન્ટર નંબર ૧ અને ૨ ની મુલાકાત લીધી હતી, જ્યાં ટેકાના ભાવે મગફળીની ખરીદી ચાલી રહી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે -ધારી માર્કેટયાર્ડમાં જેમ એક ગુણીમાં ૩૫ કિલો ૮૦૦ ગ્રામ મગફળીનું વજન જોખવામાં આવે છે, તે જ રીતે વિસાવદર માર્કેટયાર્ડમાં પણ ૩૫ કિલો ૮૦૦ ગ્રામ જ વજન જોખવામાં આવે છે.

કિસાન સંઘના પૂર્વ અમરેલી જિલ્લા મંત્રી કૌશિક ગજેરાએ જણાવ્યું હતું કે, "ધારીના કેટલાક લોકો ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરી રહ્યા છે, જે ખોટું છે. વિસાવદર માર્કેટયાર્ડમાં પણ ધારી જેટલું જ વજન જોખવામાં આવે છે. તેમણે વધુમાં ખેડૂતોને અપીલ કરી હતી કે, "આવી અફવાઓ પર વિશ્વાસ ન રાખો, કારણ કે વિસાવદર અને ધારી બંને જગ્યાએ ટેકાના ભાવે ખરીદી સમાન વજન મુજબ થઈ રહી છે.''



ભાવનાબેન ગોંડલીયાએ જણાવ્યું હતું કે શ્રી ધારી ખેડૂત કૃષિ ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી લી. દ્વારા તારીખ ૯/૧૧/૨૦૨૫ ના રોજ ટેકાના ભાવે મગફળીની ખરીદીની શરૂઆત કરવામાં આવી હતી શાંતિપૂર્ણ રીતે ખરીદી કરવામાં આવી હતી. આ શાંતિપૂર્ણ કામ ચાલી રહ્યું હોય ત્યારે તેને ડહોળવાના પ્રયાસો અમુક તત્ત્વો દ્વારા કરવામાં આવ્યા હતા. અમુક પાર્ટીના લોકો સંસ્થાની વિઝિટે આવ્યા અને રજૂઆત કરી હતી. કહ્યું હતું કે વિસાવદરની અંદર ૩૦ કિલો ૮૦૦ ગ્રામની ભરતી કરવામાં આવે છે અને એનાથી ખેડૂતોને ફાયદો થઈ રહ્યો છે એવી ચર્ચા કરવામાં આવી હતી ત્યારે મેં કહ્યું હતું કે ગુજરાતની અંદર ક્યારેય આવું ન બની શકે એકને ગોળ અને એકને ખોળ સરકાર દ્વારા ક્યારેય આપવામાં આવતો નથી. જો તમારી પાસે બિલ હોય અથવા પરિપત્ર આપો તો અમે પણ સરકારને રજૂઆત કરીએ. ત્યારે આ વાતને લઈને અમે તેમને પડકાર આપ્યો કે જો વિસાવદરમાં ૩૦ કિલો ૮૦૦ ગ્રામની ભરતી થતી હોય તો તમે કહો તે કરવા અમે તૈયાર છીએ. જો ૩૦ કિલો ૮૦૦ ગ્રામની ભરતી ન થતી હોય તો તે લોકોએ પણ અમારી ચેલેન્જને સ્વીકારી હતી અને કહ્યું હતું કે ૩૦ કિલો ૮૦૦ની ભરતી નહીં થતી હોય તો અમે ગુલામ બનીશું. ત્યારે ભાવનાબેન ગોંડલીયાએ કહ્યું કે હું ૧૦ થી ૧૫ ગામના ખેડૂતો સાથે વિસાવદર પહોંચી હતી અને ત્યાં ખેડૂતોને સાથે રાખીને ત્યાં રૂબરૂ વિઝિટ કરતા સમગ્ર હકીકત બહાર આવી અને તમામ ખેડૂતોએ આવી ખોટી અફવાઓથી સાવચેત રહેવું.

# બગસરા માર્કેટિંગ યાર્ડ તેમજ જૂના વાઘણીયા જિલ્લા પંચાયત સીટ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

બગસરા,તા.૧૪

બગસરા APMC ખાતે બગસરા તાલુકા ભાજપ તેમજ સહકાર પરિવાર દ્વારા "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'' અભિયાનનો શુભારંભ થયો હતો. ધારી-બગસરા વિધાનસભા ધારાસભ્ય જે.વી. કાકડીયા તેમજ કાર્યક્રમના વક્તા ગુજરાત પ્રદેશ કિસાન મોર્ચા મહામંત્રી હિરેનભાઈ હિરપરા, દિવ્યેશભાઈ



વેકરીયા, અમરેલી જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહિડા, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, મહામંત્રી પ્રકાશભાઈ પરમાર, દેવરાજભાઈ રાંક તેમજ બગસરા માર્કેટિંગ યાર્ડ ચેરમેન કાંતિભાઈ વેકરીયા, વાઈસ ચેરમેન ઘનશ્યામભાઈ હિરપરા તેમજ અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય ધીરૂભાઈ માયાણી તેમજ બગસરા નગરપાલિકા પ્રમુખ એ.વી. રીબડીયા સહિત બગસરા તાલુકાના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ વધારવા સૌને આહ્‌વાન કર્યું કે - "સ્વદેશી ખરીદો, દેશને બળ આપો.''

# રાજુલા-જાફરાબાદમાં કપાસ માટે સીસીઆઈ સેન્ટર શરૂ કરવા રજૂઆત

અમરેલી,તા.૧૪

રાજુલા-જાફરાબાદ પંથકમાં ખેડૂતો અને અગરિયાઓના વિવિધ પ્રશ્નોને લઈને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની આગેવાનીમાં એક પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી સમક્ષ રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં કપાસની ખરીદી માટે સી.સી.આઈ.



(CCI) સેન્ટર શરૂ કરવા અને મીઠાના અગરિયાઓને થયેલા નુકસાન માટે સહાય જાહેર કરવાની માંગણી કરવામાં આવી હતી. રાજુલા માર્કેટિંગ યાર્ડમાં હાલમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થઈ છે. તે જ રીતે, કપાસની ખરીદી માટે પણ સી.સી.આઈ.નું સેન્ટર શરૂ કરવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે. આ અંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સાથે માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ટીંબી માર્કેટિંગ યાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળ, સાગરભાઈ સરવૈયા સહિતના આગેવાનોએ મંત્રી વાઘાણીને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી.

# ખાંભાના મોટા સમઢીયાળા ગામે પત્ની રિસામણે જતા પતિએ ટોલા મારવાની દવા પીધી

**રાજુલાના કુંભારીયા ગામે શિક્ષિકાએ ગળાફાંસો ખાધો**

ખાંભા, તા.૧૪

ખાંભાના મોટા સમઢીયાળા ગામે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. પત્ની રિસામણે જતાં પતિએ ટોલા મારવાની દવા પીધી હતી. બનાવ અંગે સાર્દુળભાઈ ભીખાભાઈ ચારોલીયા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, હમીરભાઈ ભીખાભાઈ ચારોલીયા (ઉ.વ.૨૫)ના પત્ની છેલ્લા આઠેક મહિનાથી રિસામણે હતા. જેથી મનોમન લાગી આવતા ટોલા મારવાની ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે. જૂનાગઢના માંગરોળના ચંદવાણા ગામના રૂડાભાઈ અરજણભાઈ ઘોસીયા (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી હેતલબેન રાજુલાના કુંભારીયા ગામે શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તેમણે કુંભારીયા ગામે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.જે. ધાખડા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદ તાલુકાના સરોવડા ગામનો પુરુષ લાપતા બન્યો

**પુરૂષની ભાળ ન મળતા પોલીસને જાણ કરવામાં આવી**

જાફરાબાદ, તા.૧૪

અમરેલી જિલ્લામાં યુવતી લાપતા બનતી હોવાની અનેક ઘટનાઓ જોવા મળે છે પરંતુ આનાથી ઉલટુ જાફરાબાદમાં થવા પામ્યુ છે. જાફરાબાદના સરોવડા ગામે એક પુરુષ ગામમાં આંટો મારવા જાવ છું કહીને નીકળ્યા બાદ પરત ફર્યો નહોતો. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. રૂપાબેન અશોકભાઈ પરમાર (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ અશોકભાઈ અરજણભાઈ પરમાર (ઉ.વ.૩૯) ઘરેથી ગામમાં આંટો મારવા જાવ છું એમ કહી નીકળી ગયા હતા અને પરત આવ્યા નહોતા. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# પીપાવાવ પોર્ટના હાઈવે પર આવેલા બલાડ માતાજીના મંદિરે ધાર્મિક કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૪

રાજુલા નજીક પીપાવાવ પોર્ટ હાઈવે પર આવેલા શ્રી કુળદેવી બલાડ માતાજીના મંદિરે સાખટ પરિવાર દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાપ્રસાદ અને લોકડાયરાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર સાખટ પરિવાર જોડાયો હતો. વિશેષ ઉપસ્થિતિમાં ધારાસભ્ય



હીરાભાઈ સોલંકી, તેમની ટીમ, અગ્રણી વ્યક્તિઓ અને સામાજિક કાર્યકરો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય સહિત તમામ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાપ્રસાદ અને લોકડાયરાનો લાભ લેવા મોટી સંખ્યામાં ભક્તો અને પરિવારજનો ઉમટી પડ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૧૫-૧૧-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૭,
સૂર્યાસ્ત-૦૫:૫૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરા ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૧૫-૧૧-૨૦૨૫ શનિવાર

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે.

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે.

**પોલીસ પેટ્રોલિંગના અભાવનો લાભ લેતા તસ્કરો**

# બગસરાં પોલીસની ટાઢ ઉડાડતા તસ્કરો, ત્રણ દિવસમાં ત્રણ સ્થળોએ ચોરી

અમરેલી,તા.૧૪

બગસરામાં પોલીસને ઉંઘતી રાખી માત્ર ત્રણ દિવસમાં જ તસ્કરોએ ત્રણ સ્થળોએ કુમકુમ પગલા પાડી રોકડ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. પોલીસ પેટ્રોલિંગના અભાવે તસ્કરોને છુટ્ટો દોર મળી ગયો હોય તેમ બેરોકટોક ચોરીને અંજામ આપી રહ્યાં છે. બગસરામાં ઉંઘતી પોલીસ અને જાગતા તસ્કરો જેવો ઘાટ સર્જાયો છે. થોડા દિવસો પહેલા મેઈન બજારમાં આવેલી કરિયાણાની દુકાનમાં તસ્કરોએ હાથ સાફ કર્યો હતો અને જુદી-જુદી ચલણી નોટ મળી રૂા.૭૫૦૦૦ની ચોરી કરી નાસી ગયા હતા. હજુ આ તસ્કરો ઝડપાય તે પહેલા બગસરા તાલુકાના માવજીંજવા ગામે અમિતભાઈ સાવલીયાના મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. મકાનના ત્રણેય રૂમના દરવાજા તોડી પ્રવેશ કરી લોખંડના કબાટનું તાળુ તોડી સોનાની બુટ્ટી, ઝાંઝરી અને રોકડ રકમ મળી કુલ રૂા.૨૨૦૦૦ની ચોરી થઈ હતી તો બગસરામાં રહેતા ધરવ ચેતનભાઈ કોટીચાના રહેણાંક મકાનમાંથી તસ્કરોએ રોકડ રકમ, ચાંદીના સિક્કા, આધારકાર્ડ, પાનકાર્ડ સહિત રૂા.૪૦૦૦૦ની ચોરી કરી હતી. તસ્કરોએ માત્ર એક અઠવાડિયામાં જ બગસરા પંથકને ધમરોળી નાખ્યું છે. ચોરી કરનાર ગેંગ બહારથી આવી હોવાની પણ લોકોમાં ચર્ચા થઈ રહી છે.

**દુકાન અને રહેણાંક મકાનને નિશાન બનાવનારા તસ્કરોને ઝડપી પાડવા માંગ ઉઠી**

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, મુ. અમરેલી//

અપીલ રજી. નં.૧૮૬/૨૦૨૫

અરજદાર :- શ્રી ધીરજલાલ સવજીભાઈ બાવળેચા
રહે. નાના આંકડિયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. નાના આંકડિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના આંકડિયા ગામમાં અરજદાર શ્રી ધીરજલાલ સવજીભાઈ બાવળેચા તેઓના પુત્રી હિરલબેન ધીરજલાલ બાવળેચાની જન્મ (તા.૦૫/૦૪/૧૯૮૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, મુ. અમરેલી//

અપીલ રજી. નં.૧૯૬/૨૦૨૫

અરજદાર :- રહીમભાઈ નબીજીભાઈ મુલતાની
રહે. ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ખીજડીયા રાદડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચીતલ ગામમાં અરજદારશ્રી રહીમભાઈ નબીજીભાઈ મુલતાની તેઓના પુત્રી નસીમ રહીમભાઈ મુલતાની ની જન્મ (તા.૦૨/૦૪/૧૯૯૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, મુ. અમરેલી//

અપીલ રજી. નં.૧૯૮/૨૦૨૫

અરજદાર :- રહીમભાઈ નબીજીભાઈ મુલતાની
રહે. ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ખીજડીયા રાદડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી રહીમભાઈ નબીજીભાઈ મુલતાની તેઓના પુત્રી યાસ્મીન રહીમભાઈ મુલતાની ની જન્મ (તા.૨૦/૧૨/૧૯૯૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**તંત્રી લેખ**

# બિહારમાં એનડીએનું પુનરાગમન

બિહાર વિધાનસભા ચૂંટણીમાં સત્તાની બાજી કોના હાથમાં? એ પ્રશ્ન આજે સૌ કોઈ પૂછી રહ્યું છે ત્યારે એક વસ્તુ સ્પષ્ટ છે કે ત્યાં એનડીએની સરકાર રચાય તેવા સંજોગો સ્પષ્ટ થયા છે. બિહાર વિધાનસભાની ચૂંટણી હંમેશા રસપ્રદ અને સંઘર્ષપૂર્ણ રહી છે, જે ભારતીય રાજકારણમાં એક અલગ મહત્વ ધરાવે છે. સૌપ્રથમ આપણે બિહારમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી અંગેની રસપ્રદ વિગત પૂર્વભૂમિકા રૂપે જાણીએ. વર્ષ ૨૦૨૦માં યોજાયેલી ચૂંટણી પણ આમાંથી બાકાત નહોતી, જ્યાં કડક ટક્કર બાદ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ગઠબંધને જીત મેળવીને સરકાર બનાવી હતી. આ ચૂંટણીમાં મહાગઠબંધન (RJD, કોંગ્રેસ અને ડાબેરી પક્ષો) તરફથી યુવા નેતા તેજસ્વી યાદવ મુખ્ય પડકાર હતા, જ્યારે NDAનું નેતૃત્વ અનુભવી નીતિશ કુમાર કરી રહ્યા હતા. રાજ્યની કુલ ૨૪૩ વિધાનસભા બેઠકો પર ત્રણ તબક્કામાં મતદાન થયું હતું, અને ૧૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ પરિણામો જાહેર થયા હતા, જેમાં NDAએ જાદુઈ આંકડો પાર કરીને સત્તા પર પુનરાગમન કર્યું હતું. ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો ઘણા એક્ઝિટ પોલ્સના અનુમાનોથી વિપરીત આવ્યા હતા. મોટાભાગના એક્ઝિટ પોલ્સે મહાગઠબંધનને બહુમતી મળવાનો અંદાજ લગાવ્યો હતો, પરંતુ જ્યારે ખરેખર મતગણતરી થઈ ત્યારે પરિણામોએ બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. અંતિમ પરિણામો અનુસાર, NDA ગઠબંધનને ૧૨૫ બેઠકો મળી હતી, જે બહુમતી માટે જરૂરી ૧૨૨ બેઠકો કરતાં વધુ હતી. NDAમાં ભાજપ સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી આવી, જેને ૭૪ બેઠકો મળી હતી. જ્યારે મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી ''જનતા દળ (યુનાઈટેડ) (JDU)''ને ૪૩ બેઠકો મળી હતી. ગઠબંધનના અન્ય પક્ષોમાં ''હિન્દુસ્તાની અવામ મોરચા (HAM)''ને ૪ અને ''વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP)''ને ૪ બેઠકો મળી હતી. બીજી તરફ, મહાગઠબંધનને કુલ ૧૧૦ બેઠકો મળી હતી. મહાગઠબંધનમાં રાષ્ટ્રીય જનતા દળ (RJD) ૭૫ બેઠકો સાથે સૌથી મોટી સિંગલ પાર્ટી તરીકે ઉભરી આવી હતી, પરંતુ તે સરકાર બનાવવા માટે પૂરતી નહોતી. મહાગઠબંધનના અન્ય પક્ષોમાં કોંગ્રેસને ૧૯ બેઠકો અને ''ડાબેરી પક્ષો (CPI, CPI(M), CPI(ML))''ને ૧૬ બેઠકો મળી હતી. પરિણામો સ્પષ્ટ થતાં, NDAએ નીતિશ કુમારના નેતૃત્વમાં ફરી એકવાર સરકાર બનાવવાની જાહેરાત કરી. નીતિશ કુમારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. જોકે, આ ગઠબંધનમાં JDUની બેઠકો ભાજપ કરતાં ઓછી હતી, તેમ છતાં ગઠબંધનના પૂર્વ-નિર્ધારિત કરાર મુજબ નીતિશ કુમારને જ મુખ્યમંત્રી પદ સોંપવામાં આવ્યું હતું. ચૂંટણી પછીના રાજકીય ફેરફારો અને વર્તમાન સ્થિતિ વિશે વિસ્તારથી જાણીએ. ૨૦૨૦ની ચૂંટણીમાં NDAની સરકાર બન્યા બાદ બિહારના રાજકારણમાં અનેક મોટા ઉલટફેર જોવા મળ્યા છે. રાજકીય અસ્થિરતાનો લાંબો દોર જોવા મળ્યો, જેનાથી સત્તાનું સમીકરણ સતત બદલાતું રહ્યું. નીતિશ કુમારનું 'પલટી મારવું': જાન્યુઆરી ૨૦૨૪ સુધી નીતિશ કુમાર NDAના નેતા તરીકે મુખ્યમંત્રી રહ્યા. જોકે, ભાજપ સાથેના સંબંધોમાં તણાવ વધતાં ઓગસ્ટ ૨૦૨૨માં તેમણે NDAમાંથી અલગ થઈને મહાગઠબંધન સાથે હાથ મિલાવ્યો અને ફરી એકવાર મહાગઠબંધનના નેતા તરીકે મુખ્યમંત્રી પદ જાળવી રાખ્યું, જ્યાં તેજસ્વી યાદવ નાયબ મુખ્યમંત્રી બન્યા. આ સમયગાળામાં તેમણે ભારતીય રાષ્ટ્રીય વિકાસલક્ષી સમાવેશી જોડાણ (INDIA) ગઠબંધનની રચનામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# દિલ્હી બ્લાસ્ટના પગલે ભારતીય સેના હાઈ એલર્ટ પર

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



તાજેતરમાં દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટે માત્ર દેશની રાજધાનીને જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાના રાજકીય વાતાવરણને હચમચાવી દીધું છે. આ ઘાતક હુમલાને ભારતે 'જઘન્ય આતંકવાદી ઘટના' ગણાવીને તેની સામે 'શૂન્ય સહિષ્ણુતા'ની નીતિ અપનાવવાનો સ્પષ્ટ સંકલ્પ લીધો છે. આ ઘટનાની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો સાથે તેના જોડાણની શક્યતાઓ વધુ ઘેરી બની રહી છે. આ હુમલો ભારત માટે માત્ર આંતરિક સુરક્ષાનો જ નહીં, પરંતુ પડોશી દેશ સાથેના સંબંધોની ગંભીરતાનો પણ સવાલ છે.

ભારત સરકારે આતંકવાદી સિન્ડિકેટને જડમૂળથી નાબૂદ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, જે દર્શાવે છે કે આ વખતે ભારતનો જવાબ માત્ર નિવેદનો પૂરતો સીમિત નહીં રહે. રાષ્ટ્રીય સ્તરે પરિસ્થિતિ તનાવ ભરી બનતી જાય છે. ભારતનો આકરો મિજાજ અને પાકિસ્તાનનો ડર હવે જગજાહેર છે. દિલ્હી બ્લાસ્ટ બાદ ભારતની પ્રતિક્રિયા ખૂબ જ કડક અને સ્પષ્ટ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS) ની બેઠક યોજીને આતંકવાદી ષડયંત્રના મૂળ સુધી પહોંચવા અને જવાબદાર લોકોને સજા આપવા માટેના નિર્દેશો આપ્યા છે. ભારતીય સેનાના કવાયત કમાન્ડરોના આકરા નિવેદનોએ પાકિસ્તાનમાં ગભરાટનું વાતાવરણ સર્જ્યું છે. પાકિસ્તાનને એવો ડર સતાવી રહ્યો છે કે ભારત આ હુમલાના બદલામાં 'ઓપરેશન સિંદૂર ૨.૦' જેવી મોટી સૈન્ય કાર્યવાહી કરી શકે છે, જે પહેલાના સંઘર્ષની જેમ વિનાશક સાબિત થઈ શકે છે. મહત્વની વાત એ છે કે, દિલ્હીમાં થયેલા હુમલાના થોડા સમય બાદ પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં પણ વિસ્ફોટ થયો, જેનાથી તણાવમાં વધુ વધારો થયો છે. પાકિસ્તાની સરકારે, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) દ્વારા જવાબદારી સ્વીકારવા છતાં, ઉતાવળે ભારત પર દોષારોપણ કર્યું છે. પાકિસ્તાન દ્વારા વારંવાર ભારત પર 'રાજ્ય પ્રાયોજિત આતંકવાદ' ના આરોપો મૂકવામાં આવી રહ્યા છે, જે આ સંવેદનશીલ પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં, બંને દેશો વચ્ચેની રાજદ્વારી અને સૈન્ય વાતચીત લગભગ સ્થગિત થઈ ગઈ છે, અને સરહદ પર તણાવ ચરમસીમાએ છે. ભારતમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સમીક્ષા અને વિશ્વ સમુદાયની ચિંતા વધતી જાય છે. ભારત અને પાકિસ્તાન બંને પરમાણુ શક્તિ ધરાવતા દેશો હોવાથી, આ તણાવ માત્ર પ્રાદેશિક જ નહીં, પણ વૈશ્વિક ચિંતાનો વિષય છે. દિલ્હી બ્લાસ્ટ પછીની પરિસ્થિતિને આંતરરાષ્ટ્રીય સમુદાય, ખાસ કરીને અમેરિકા જેવા મોટા દેશો, ખૂબ ગંભીરતાથી જોઈ રહ્યા છે. અમેરિકાના વિદેશ સચિવ માર્કો રૂબિયોએ દિલ્હી બ્લાસ્ટને સ્પષ્ટપણે આતંકવાદી હુમલો ગણાવ્યો છે અને ભારતની તપાસ પ્રક્રિયાને માપસરની અને વ્યાવસાયિક ગણાવીને તેની પ્રશંસા કરી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે, ભારતની આતંકવાદ વિરોધી નીતિને સમર્થન મળી રહ્યું છે, અને વિશ્વ સમુદાય ભારતની તપાસના તારણોની રાહ જોઈ રહ્યો છે. તેમ છતાં, અમેરિકાએ એ સંભવિતતા પ્રત્યે પણ ચિંતા વ્યક્ત કરી છે કે આ ઘટના વ્યાપક સંઘર્ષનું સ્વરૂપ લઈ શકે છે. આ સ્થિતિમાં, આંતરરાષ્ટ્રીય દબાણ બંને દેશોને સંયમ જાળવવા માટે મહત્વનું બની રહે છે, જેથી મામલો સૈન્ય સંઘર્ષ તરફ ન ધકેલાય. જોકે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે આતંકવાદ સામેની લડાઈમાં તે કોઈ સમાધાન નહીં કરે, જે વૈશ્વિક સમુદાયને પણ એક મજબૂત સંદેશ આપે છે કે હવે આતંકવાદને પ્રોત્સાહન આપતા તત્વોને બક્ષવામાં આવશે નહીં. વિશ્વની નજર હવે એ વાત પર ટકેલી છે કે ભારત પોતાના સંકલ્પને કઈ રીતે પૂર્ણ કરે છે અને આ તણાવને શાંત પાડવા માટે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થી કેટલી અસરકારક સાબિત થાય છે. ભારત-પાકિસ્તાન તણાવ પર આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયા: ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ પર અમેરિકા સહિતના મોટાભાગના દેશોની પ્રતિક્રિયા મુખ્યત્વે સંયમ અને શાંતિ જાળવવાની રહી છે. અમેરિકાએ દિલ્હી બ્લાસ્ટને આતંકવાદી હુમલો ગણાવીને ભારતની તપાસને સમર્થન આપ્યું છે. જોકે, તેણે બંને પક્ષોને સૈન્ય કાર્યવાહી ટાળવા અને રાજદ્વારી વાતચીત દ્વારા તણાવ ઘટાડવા માટે આગ્રહ કર્યો છે, કારણ કે બંને દેશો પરમાણુ શક્તિ ધરાવે છે. યુનાઈટેડ નેશન્સ (UN) એ પણ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોને સંયમ જાળવવા અને પ્રાદેશિક સ્થિરતા જાળવવા માટે અપીલ કરી છે. ચીન અને રશિયા જેવા અન્ય પ્રાદેશિક શક્તિશાળી દેશોએ પણ શાંતિપૂર્ણ ઉકેલ શોધવા પર ભાર મૂક્યો છે, જેથી દક્ષિણ એશિયામાં સંઘર્ષ ન ફેલાય. આંતરરાષ્ટ્રીય સમુદાય મુખ્યત્વે ભારતની આતંકવાદ વિરોધી નીતિને સમર્થન આપીને, સાથે જ તણાવને યુદ્ધમાં પરિવર્તિત થતો અટકાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

**ફરી એકવાર ઓપરેશન સિંદૂર પાર્ટ બીજો શરૂ થવાના ઘડીઓ ગણાઈ રહી છે. ભારત સરકારે આ આતંકી ઘટનાનો બદલો લેવા માટે સેનાને ખુલ્લી છૂટ આપી દીધી છે, કોઈપણ સમયે ભારત હુમલો કરી શકે છે.**

## શબ્દ સંજોગ-૨૧૦૧



**આડી ચાવી :**
(૧) એક સંગીતકાર: એ.આર. ....... (૪)
(૨) એક પક્ષી (૨)
(૩) દર્દ, પીડા (૩)
(૪) બાજુ, તરફેણ (૨)
(૫) એક વાદ્ય (૩)
(૬) બીમાર (૩)
(૯) ભૂલ, ખામી (૨)
(૧૦) બારણાનું ચોકઠું (૪)
(૧૨) ત્વચાનો રોગ (૩)
(૧૪) યંત્રથી ચાલતુ કારખાનું (૨)
(૧૮) એક પ્રાણી (૩)
(૧૯) સોનામહોર (૪)
(૨૦) અડચણ, નડતર (૪)
(૨૧) દુ:ખ, પીડા (૨)
(૨૪) ઘરની બહાર હોય (૩)
(૨૫) પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૬) ડમરાની બીયાવાળી ડાખળી (૩)
(૭) વેતન લીધા વગર કામ કરનારું (૩)
(૮) ઉમાના પિતા (૨)
(૧૦) એક આયલેન્ડ (૨)
(૧૧) સિંહનું અભયારણ્ય (૨)
(૧૩) અંધકાર, અજ્ઞાન (૩)
(૧૫) એક આલ્ફાબેટ (૧)
(૧૬) વૃક્ષ, ઝાડ (૨)
(૧૭) ભલુ, સરળ (૩)
(૨૦) પવન, સમીર (૨)
(૨૨) ચામડીનો એક રોગ (૨)
(૨૩) તન, ડિલ (૩)
(૨૪) ભયંકર સ્વપ્ન (૩)
(૨૬) કાપડ, કપડું (૩)
(૨૭) ફૂલ ઔર કાંટેની અભિનેત્રી (૨)
(૨૮) હડપ્પા સંસ્કૃતિના અવશેષો આ સ્થળેથી મળી આવ્યા હતા (૩)
(૨૯) ગાય (૧)

**ઉભી ચાવી :**
(૧) સૂર્ય, આદિત્ય (૨)
(૨) પછી (૨)
(૪) લશ્કરી કવાયત (૩)

## શબ્દ સંજોગ-૨૧૦૦ જવાબ

**આડી ચાવી:** (૧) કંગધર (૪) આસોંદરો (૭) કાતડી (૮) કાળ (૯) ગોપ (૧૦) આરાસુર (૧૨) ટીમર (૧૪) જપ (૧૫) સંરક્ષક (૧૮) અડીખમ (૨૦) માણ (૨૧) ગોતર (૨૩) દસ્તો (૨૪) સામેલ (૨૬) ફરેબ (૨૮) રવો (૨૯) આતશ (૩૦) સિકત.

**ઉભી ચાવી:** (૧) કંકાવટી (૨) ગત (૩) ઘડી (૪) આળસુ (૫) દગો (૬) રોપણી (૮) કારાગાર (૧૧) રજકણ (૧૩) મટોડી (૧૫) સંમત (૧૬) ક્ષમા (૧૭) સિરસ્તો (૧૮) અણસાર (૧૯) ખગોલ (૨૨) રફત (૨૫) મેવો (૨૭) રેશ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૫ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૮૮ |
| જુવાર પીળી | ૩૪૦ | ૪૫૦ |
| બાજરી | ૩૬૧ | ૩૭૨ |
| તુવેર | ૧૦૭૦ | ૧૪૦૧ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૮૧૦ |
| અડદ | ૧૦૭૫ | ૧૪૩૦ |
| મગ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૯૫૦ | ૧૨૬૫ |
| મઠ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૯૦૦ | ૨૩૦૦ |
| કળથી | ૫૫૦ | ૭૫૦ |
| રાજમા | ૯૦૦ | ૧૫૪૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૩૫૦ |
| મગફળી જીણી | ૧૦૨૦ | ૧૨૮૫ |
| તલી | ૧૯૮૫ | ૨૨૯૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૩૧૯ |
| અજમો | ૧૦૫૦ | ૧૭૫૦ |
| સોયાબીન | ૮૮૦ | ૯૫૪ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૪૦૦ |
| કાળા તલ | ૩૪૦૦ | ૫૨૧૧ |
| લસણ | ૫૫૦ | ૧૦૮૦ |
| ધાણા | ૧૩૨૫ | ૧૫૭૧ |
| મરચા સુકા | ૧૧૫૦ | ૩૭૫૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૬૩૧ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૯૦ |
| રાય | ૧૪૦૦ | ૧૮૨૪ |
| મેથી | ૧૦૭૦ | ૧૪૭૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૮૬૦ |
| રાયડો | ૧૩૦૦ | ૧૩૨૪ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૮૦૦૦ |
| ગુવારનું બી | ૭૯૦ | ૮૫૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૯૧ | ૬૪૯ |
| પપૈયા | ૮૫ | ૧૦૫ |
| બટેટા | ૨૧૧ | ૫૬૧ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૧૧ |
| ટમેટા | ૫૧૨ | ૮૦૭ |
| સુરણ | ૮૫૩ | ૧૦૦૯ |
| કોથમરી | ૯૮૩ | ૧૩૭૦ |
| મુળા | ૩૨૧ | ૪૬૮ |
| રીંગણા | ૧૩૯૭ | ૧૮૧૫ |
| કોબીજ | ૨૮૭ | ૩૯૧ |
| ફ્લાવર | ૪૮૭ | ૬૨૫ |
| ભીંડો | ૧૨૮૨ | ૧૪૦૭ |
| ગુવાર | ૧૬૧૭ | ૨૦૨૪ |
| ચોળાસીંગ | ૧૨૧૨ | ૧૪૦૭ |
| વાલોળ | ૧૧૮૧ | ૧૩૧૯ |
| ટીંડોરા | ૮૨૩ | ૧૩૯૭ |
| દુધી | ૫૨૬ | ૬૪૯ |
| કારેલા | ૮૭૬ | ૧૨૦૩ |
| સરગવો | ૮૪૭ | ૨૦૧૨ |
| તુરીયા | ૧૩૭૯ | ૧૫૮૭ |
| પરવર | ૯૮૧ | ૧૩૭૦ |
| કાકડી | ૬૮૧ | ૮૨૫ |
| ગાજર | ૫૭૧ | ૭૭૬ |
| વટાણા | ૩૫૧૭ | ૪૦૦૨ |
| ગલકા | ૧૧૦૭ | ૧૩૧૨ |
| બીટ | ૩૦૧ | ૫૦૭ |
| મેથી | ૮૦૨ | ૧૦૦૭ |
| વાલ | ૧૩૯૬ | ૧૬૧૯ |
| ડુંગળી લીલી | ૪૬૨ | ૫૮૫ |
| આદુ | ૧૦૭૬ | ૧૪૦૭ |
| ચણા લીલા | ૧૮૯ | ૭૦૩ |
| મરચા લીલા | ૨૭૭ | ૬૯૫ |
| હળદર લીલી | ૪૬૯ | ૬૯૧ |
| લસણ લીલું | ૧૯૭૬ | ૨૬૦૧ |
| મકાઇ લીલી | ૨૨૧ | ૪૦૮ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૨ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૩૪૧ |
| સિંગ ફાડીયા | ૯૫૧ | ૧૨૦૦ |
| એરંડા / એરંડી | ૮૭૬ | ૧૩૩૬ |
| તલ લાલ | ૨૪૫૧ | ૨૪૫૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૩૯૪૧ |
| કલંજી | ૧૦૦૦ | ૪૮૦૦ |
| ધાણા | ૮૦૧ | ૧૭૫૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૮૧ |
| અડદ | ૭૫૧ | ૧૩૦૧ |
| તુવેર | ૮૬૧ | ૧૨૯૧ |
| મેથી | ૬૫૧ | ૧૨૧૧ |
| કાંગ | ૪૭૧ | ૫૯૧ |
| મરચા | ૬૦૧ | ૪૦૦૧ |
| સફેદ ચણા | ૧૦૬૧ | ૧૮૫૧ |
| તલ - તલી | ૧૫૫૧ | ૨૩૧૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૯૧ |
| બાજરો | ૩૪૧ | ૫૬૧ |
| જુવાર | ૩૫૧ | ૯૪૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૧૧ |
| મગ | ૯૦૧ | ૧૭૩૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૦૧ |
| વાલ | ૭૬૧ | ૧૦૧૧ |
| વાલ પાપડી | ૨૦૭૧ | ૨૦૭૧ |
| ચોળા / ચોળી | ૭૭૧ | ૧૨૩૧ |
| સોયાબીન | ૭૫૧ | ૧૦૫૧ |
| ગોગળી | ૭૫૧ | ૧૦૦૦ |
| વટાણા | ૧૩૧૧ | ૨૨૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૮૪૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૮૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૨૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૭૦૦ |
| વટાણા | ૪૦૦૦ | ૪૪૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૮૦૦ |
| કેરી કાચી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૫૦ |
| અંબાળા | ૩૦૦ | ૪૪૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| અલાવિપન | ૮ | ૧૨ |
| ઘીસોડા | ૭૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૪ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૩૦ | ૧૨૩૧ |
| શિંગ ૬૬ | ૯૦૦ | ૯૦૦ |
| શીંગ ગીરનારી | ૯૦૦ | ૧૨૭૭ |
| શીંગ મોટી | ૬૪૫ | ૧૨૭૭ |
| શિંગ દાણા | ૮૦૦ | ૧૨૧૦ |
| તલ સફેદ | ૧૦૧૨ | ૨૫૯૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૫૨૮૦ |
| તલ કશ્મીરી | ૧૭૯૫ | ૨૨૦૦ |
| બાજરો | ૩૦૦ | ૪૨૫ |
| જુવાર | ૫૦૦ | ૧૦૨૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૪ |
| ઘઉં લોકવન | ૫૨૩ | ૬૧૫ |
| મકાઈ | ૩૦૦ | ૫૫૦ |
| મગ | ૧૧૫૦ | ૧૩૦૧ |
| અડદ | ૯૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૧૦ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૦૨ |
| છોલે ચણા | ૧૫૦૦ | ૧૭૪૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૨૭૫ |
| કપાસ | ૧૦૮૦ | ૧૫૬૭ |
| એરંડા | ૧૦૮૯ | ૧૩૦૫ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૮૭૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૪૧૫ |
| ધાણી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૯૫૫ |
| સોયાબીન | ૬૭૨ | ૯૩૬ |
| કાંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સુવાદાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૪૦ | ૪૮૦ |
| રીંગણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૧૯૦ | ૩૨૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૭૪૦ | ૮૫૦ |
| સુરણ | ૬૫૦ | ૭૬૦ |
| ગાજર | ૬૨૦ | ૮૫૦ |
| દુધી | ૬૨૦ | ૮૪૦ |
| કારેલા | ૬૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૬૦૦ | ૧૦૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૨૦ | ૫૮૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| વટાણાં | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૧૩૫૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વાલ | ૧૦૧૦ | ૧૨૪૦ |
| આમળા | ૫૨૦ | ૮૦૦ |
| ભીંડો | ૮૨૦ | ૧૨૪૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૧૨૪૦ |
| આદુ | ૯૨૦ | ૧૨૪૦ |
| કોથમીર | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૮૮૦ | ૯૮૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૩૪૦ | ૪૮૦ |
| તુવેર | ૯૧૦ | ૧૦૫૦ |
| સરગવો | ૧૬૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૨૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૯૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૪૫૦ |
| લસણ સુકું | ૪૨૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૩૦૦ | ૫૫૦ |
| પાલક | ૭૨૦ | ૮૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૭૫ | ૧૧૫૦ |
| શીંગ મોટી | ૯૫૦ | ૧૩૦૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૩૬ |
| તલ કાળા | ૪૬૬૦ | ૫૨૦૦ |
| જીરૂ | ૩૬૦૧ | ૩૭૫૧ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૦૨ |
| બાજરો | ૩૦૦ | ૫૪૧ |
| જુવાર | ૯૬૯ | - |
| મકાઈ | ૪૯૦ | ૫૧૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૧૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૨૦ |
| તુવેર | ૯૨૫ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૪૦ | ૯૩૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૫૦ |
| કપાસ મીડીયમ | ૯૪૦ | ૧૨૫૦ |
| મગફળી | ૯૫૭ | ૧૩૪૩ |
| તલ સફેદ | ૧૬૭૫ | ૨૧૦૫ |
| તલ કાળા | ૩૨૪૨ | ૪૫૧૫ |
| જીરૂ | ૩૧૫૫ | ૩૭૦૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ચણા | ૯૬૪ | ૧૧૩૬ |
| મગ | ૧૨૧૫ | ૧૩૯૫ |
| અડદ | ૯૩૦ | ૧૨૬૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૮૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૭ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| ચણા | ૮૪૦ | ૧૦૭૦ |
| સોયાબીન | ૬૯૦ | ૯૨૫ |
| ધાણા | ૧૪૨૫ | ૧૪૯૫ |
| અડદ | ૯૭૦ | ૧૦૦૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૮૧૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૨૬૨૫ | ૨૬૨૫ |
| શીંગ ફાડા | ૯૫૦ | ૧૨૦૫ |
| મગફળી | ૮૮૦ | ૧૦૮૫ |
| એરંડી | ૯૭૦ | ૯૭૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૧ | ૧૪૭૧ |
| કપાસ કોડી | ૮૦૦ | ૧૧૭૩ |
| મગફળી | ૭૦૦ | ૧૧૪૨ |
| ઘઉં | ૪૭૬ | ૧૧૪૨ |
| ચણા | ૧૦૨૬ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૨૦૧ | ૧૪૫૧ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| મેથી | ૭૫૦ | ૭૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૯૧ | ૧૫૩૪ |
| એરંડા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૮૦ | ૧૨૧૩ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૨૦૦ |
| તલ કાળા | ૪૨૬૦ | ૪૪૦૧ |
| કપાસ | ૮૦૦ | ૧૫૧૫ |
| બાજરો | ૩૫૧ | ૪૧૫ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૦૦ |
| જુવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૫૯૦ | ૭૦૦ |
| મગ | ૮૭૫ | ૧૩૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૩૫ |
| ચણા | ૮૦૧ | ૧૧૯૧ |
| સોયાબીન | ૭૩૦ | ૮૮૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૪૮ | ૧૫૦૬ |
| કપાસ કોડી | ૯૦૦ | ૧૨૪૫ |
| મગફળી | ૭૪૦ | ૧૨૦૮ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૧૫૦ |
| ઘઉં | ૬૧૪ | ૬૧૪ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૭૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૮ |
| ચણા | ૭૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૦૬ |
| મગફળી | ૬૦૧ | ૧૨૦૬ |
| તલ સફેદ | ૧૩૫૧ | ૨૨૦૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૬૦૧ |
| લસણ | ૨૦૧ | ૬૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૨૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૮૫૦ | ૧૨૩૫ |
| શીંગ ૩૯ | ૮૧૧ | ૧૨૧૦ |
| શીંગ ગીરનારી | ૮૮૦ | ૧૨૯૫ |
| શીંગ જી-૨૦ | ૯૦૧ | ૧૩૫૦ |
| જુવાર | ૩૬૧ | ૭૫૪ |
| બાજરી | ૩૮૧ | ૬૩૬ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૧૧ |
| મકાઈ | ૪૨૧ | ૪૨૧ |
| અડદ | ૨૫૦ | ૧૪૩૬ |
| સોયાબીન | ૩૦૦ | ૯૧૦ |
| ચણા | ૮૬૫ | ૧૦૯૨ |
| તલ સફેદ | ૧૬૫૪ | ૨૪૫૦ |
| તલ કાળા | ૧૨૦૧ | ૪૯૦૦ |
| રાય | ૧૩૮૫ | ૧૩૮૫ |
| મેથી | ૬૨૫ | ૬૨૫ |
| ડુંગળી લાલ | ૬૦ | ૧૯૮ |
| ડુંગળી સફેદ | ૧૧૫ | ૩૫૧ |
| કપાસ શંકર | ૬૦૩ | ૧૪૭૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૦૦ | ૩૫૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૮૨ |
| મગ | ૧૦૦૦ | ૧૧૦૫ |
| અડદ | ૯૦૦ | ૧૨૪૫ |
| તુવેર | ૨૦૦ | ૩૩૦ |
| ચોળી | ૨૦૦ | ૪૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૭ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૨૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૧૭૦ |
| મગફળી ૬૬ | ૯૦૦ | ૧૩૧૦ |
| મગફળી ૯ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| તલ | ૨૦૭૦ | ૨૨૬૦ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૪૦૦ |
| લસણ | ૫૬૫ | ૧૧૯૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૦૦૦ |
| અજમો | ૧૨૦૦ | ૩૨૫૫ |
| અજમાની ભુકી | ૫૫ | ૧૬૭૦ |
| ધાણા | ૧૦૨૫ | ૧૫૫૦ |
| મરચાં | ૪૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૧૮૫ |
| સોયાબીન | ૭૦૦ | ૯૧૫ |
| રાજમા | ૫૦૦ | ૭૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજકોટ-જેતપુર નેશનલ હાઈવેનું કામ ઝડપથી પૂર્ણ કરવા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની NHAIને સૂચના

રાજકોટ, તા. ૧૪

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાએ સર્કિટ હાઉસ ખાતે રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે સંદર્ભે મહત્વની બેઠક યોજી હતી. જેમાં તેમણે નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને હાઈવેની કામગીરી વહેલાસર પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. કેન્દ્રીય મંત્રીએ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ પાસેથી રાજકોટ-જેતપુર નેશનલ હાઈવેની હાલ ચાલી રહેલી કામગીરીની પ્રગતિની વિગતો જાણી હતી. તેમણે કામગીરીને ઝડપી બનાવવા માટે સૂચના આપી હતી. આ માટે જરૂરી માનવબળ અને મશીનરી વધારવા તાકીદ કરી હતી તેમજ સમયમર્યાદાનો લક્ષ્યાંક નક્કી કરીને નિર્ધારિત સમયમાં જ કામ પૂર્ણ કરવા સૂચના આપી હતી. કેન્દ્રીય મંત્રીએ નેશનલ હાઈવે સબંધિત વિવિધ પ્રશ્નોની સમીક્ષા



કરીને વાહનચાલકો તથા લોકોને અગવડ ન પડે અને કામગીરી જલ્દી પૂર્ણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં રાજકોટના જન પ્રતિનિધિઓ, વિવિધ વેપારી તેમજ ઔદ્યોગિક સંગઠનના અગ્રણીઓએ નેશનલ હાઈવે સંબંધિત વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. જેને કેન્દ્રીય મંત્રીએ સાંભળ્યા હતા અને આ પ્રશ્નોનો સ્થાનિક જન પ્રતિનિધિઓ, વિવિધ ઔદ્યોગિક એસોસિએશન્સના અગ્રણીઓ તેમજ સ્થાનિક લોકો સાથે મળીને ઉકેલ લાવવા માટે નેશનલ હાઈવે ઓથોરિટીને સૂચના આપી હતી.

# આંબરડીમાં રાજ્યપાલની હાજરીમાં સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા અન્વયે કાર્યક્રમનું આયોજન

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા અન્વયે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિદ્યાપીઠના કુલપતી ડો. હર્ષદભાઈ પટેલ, ગામના અગ્રણીઓ તથા આંબરડી અને આસપાસની શાળાઓના




વિદ્યાર્થીઓ અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત રાજયપાલના આગમનથી થઈ, જેમાં ઉપસ્થિત પ્રતિષ્ઠિત વ્યકિતઓએ તેમને આવકાર્યા હતા. રાજયપાલે વિદ્યાર્થીઓને જીવનમાં સ્વાવલંબનની મહત્વતા પર પ્રેરણા આપી અને મહાત્મા ગાંધી અને સરદાર પટેલના આદર્શોને અનુસરવા માટે વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના સ્વદેશી ગીતની રજૂઆત કરવામાં આવી, અને કાર્યક્રમનો અંત ''વંદે માતરમ્'' ગાનથી થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મયુરભાઈ દેસાઈએ કર્યું હતું.

## રાજયમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

# નાની કુંકાવાવ ખાતે રૂા. ૧.૧૫ કરોડના ખર્ચે માર્ગનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

અમરેલી,તા.૧૪

કુંકાવાવ-વડીયા તાલુકામાં ઉર્જા અને કાયદો રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયા હતા. નાની કુંકાવાવ ખાતે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૧.૧૫ કરોડના ખર્ચે નાની કુંકાવાવથી નવા ઉજળા વચ્ચેના નવા રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું,





જેનાથી ગ્રામજનોની સુવિધામાં વધારો થશે.

આ ઉપરાંત, રાજયમંત્રીએ સરદાર પ્રાથમિક શાળાના પ્રાર્થના ખંડનું લોકાર્પણ અને મનરેગા યોજના અન્વયે રૂ.૧૭ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ સચિવાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. રૂ.૭૧ લાખના ખર્ચે તળાવ નવીનીકરણ અને રૂ.૪૫ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલના કામોનું પણ ખાતમુહૂર્ત કરાયું હતું. મોટી કુંકાવાવ ખાતે, મંત્રીએ ટેકાના ભાવે મગફળી સહિતની જણસીની ખરીદીના નવા સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કમોસમી વરસાદના પગલે ખેડૂતોને જાહેર કરાયેલા ઐતિહાસિક રૂ.૧૦ હજાર કરોડના રાહત પેકેજ બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અમરેલી દશનામ ગોસ્વામી સમાજ દ્વારા ૧૬ નવેમ્બરે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૧૪

અમરેલી દશનામ ગોસ્વામી સમાજ દ્વારા તા.૧૬/૧૧/૨૦૨૫ના રોજ સાંજે ૬ વાગ્યે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અમરેલીના લાઠી રોડ બાયપાસ ચોકડી નજીક આવેલ રાધિકા હોટલ ખાતે યોજાશે. સમાજના સર્વાંગી વિકાસ અને પરસ્પર સ્નેહભાવ વધારવા માટે રાખવામાં આવેલા આ



કાર્યક્રમમાં અમરેલી શહેરમાં વસતા તમામ જ્ઞાતિજનોને સહપરિવાર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# રાજ્યમાં તાપમાન ૧૩-૧૬ ડિગ્રી સુધી ઘટ્યું : હવામાન વિભાગની આગામી દિવસોમાં ઠંડી વધે તેવી ચેતવણી

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં શિયાળાની ઋતુનો પ્રભાવ સતત વધતો જાય છે અને છેલ્લા કેટલાક દિવસોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૩ થી ૧૬ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાઈ રહ્યું છે, જે સામાન્ય કરતાં વધારે ઠંડીની શરૂઆત દર્શાવે છે. અમદાવાદમાં ૧૬–૧૯° સે. તાપમાન નોંધાતાં ઠંડીનું સ્વરૂપ સ્પષ્ટ બન્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ હવામાં શુષ્કતા વધી શકે છે અને ઠંડીની તીવ્રતા યથાવત કે વધુ વધવાની શક્યતા છે. રાજ્યમાં સવાર-સાંજ ધુમ્મસ અને ઠંડા પવનના પ્રભાવથી લોકો અસવસ્થ થઈ શકે છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બીમારીથી પીડિત લોકો માટે આ સ્થિતિ વધુ જોખમી બની શકે



છે. હવામાન વિભાગે સાવચેતીની સલાહ આપતા જણાવ્યું છે કે લોકો રાત્રે અને સવારે ગરમ કપડાં પહેરે, સ્વેટર, શાલ અને મફલરનો ઉપયોગ કરે. વહેલી સવારે બહાર જતા લોકો માટે ખાસ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે. ઘરમાં તાપમાનનું સંચાલન કરવા અને ગરમ પીણાં લેવાની સલાહ આપવામાં આવી છે. ગુજરાતમાં આ અચાનક વધેલી ઠંડી સામાન્ય જનજીવનને પ્રભાવિત કરી રહી છે. આવતા દિવસોમાં તાપમાન વધુ ઘટે એવી શક્યતા હોવાથી લોકો યોગ્ય પૂર્વતૈયારી રાખે તે જરૂરી છે.

# સા.કુંડલામાં પૂ. સદ્ગુરુ સ્વામી નિત્યસ્વરૂપદાસજીના મુખે ઘરસભા યોજાઈ

## બોટાદ ધામ શતામૃત મહોત્સવના ઉપક્રમે કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૪

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પવિત્ર બોટાદ ધામના શતામૃત મહોત્સવના ઉપલક્ષમાં સાવરકુંડલામાં અદ્ભુત આધ્યાત્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરધાર ધામના પરમ પૂજ્ય સદગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામીની ૨૦૪૧મી ઘરસભાનું ભવ્ય અને દિવ્ય આયોજન કર્યું હતું, જેમાં હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય



શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામીએ પોતાના પ્રવચનમાં જોગીદાસબાપુ ખુમાણને યાદ કરી સાવરકુંડલાના ગૌરવવંતા ઈતિહાસ સાથે ઘર-પરિવારમાં એકતા, પરસ્પર પ્રેમ, સંસ્કારોનું મહત્ત્વ તેમજ રાષ્ટ્રપ્રેમ અને ધાર્મિક મૂલ્યોના સંરક્ષણ પર ગહન આધ્યાત્મિક જ્ઞાન આપ્યું હતું. આ ઘરસભામાં સ્થાનિક શ્રી સ્વામિનારાયણ મંદિર તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના પૂજ્ય સંતો, મહંતો, રાજકીય આગેવાનો, સામાજિક પ્રતિષ્ઠિતો અને મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય ઘરસભાના યજમાનપદ સમજુબા જેમ્સ સાવરકુંડલા તથા એસ.પી. ગ્રુપ, વડોદરાના પ્રખ્યાત ઉદ્યોગપતિ સુરેશભાઈ ભાદાભાઈ પાનસુરીયા પરિવાર દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.

# લાઠી તાલુકામાં એનડીએની જીત પર ખુશીનો માહોલ છવાયો



તસવીર : જગદીશ ખેર

લાઠી, તા.૧૪

૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએની અભૂતપૂર્વ જીતની ખુશી લાઠી તાલુકામાં જોવા મળી હતી. આ પ્રસંગે, લાઠી નગરપાલિકા અને ભાજપના કાર્યકરો તથા સ્થાનિક આગેવાનો ધર્મેશભાઈ સોની, ચેતનભાઈ જમોડ, રાજુભાઈ ભુવા અને રાજુભાઈ ભુતૈયાની ઉપસ્થિતિમાં લાઠી ચાવંડ દરવાજા બહાર ફટાકડા ફોડી જીતનો જશ્ન મનાવવામાં આવ્યો હતો. આ જીતને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણથી રાજ્યમાં થયેલા વિકાસ કાર્યોનો આલોકિત પ્રતિસાદ માનવામાં આવ્યો હતો.

# કોડીનારના દુદાણા નજીક શિંગોડા નદીના ચેકડેમમાં ડૂબી જવાથી પરપ્રાંતીય યુવકનું મૃત્યુ

કોડીનાર,તા.૧૪

કોડીનાર તાલુકાના દુદાણા ગામ નજીક શિંગોડા નદી પરના ચેકડેમમાં આજે એક પરપ્રાંતીય યુવકનું પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યું છે. પ્રાથમિક અનુમાન મુજબ, માછીમારી કે અન્ય કોઈ કારણોસર નદી પાસે ગયેલા આ યુવકનો પગ અકસ્માતે લપસી જતાં તે ચેકડેમના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તરવૈયાઓ દ્વારા તાત્કાલિક શોધખોળ શરૂ



તસવીર : કુલદીપ પાઠક

કરવામાં આવી હતી. યુવક પાણીમાં ગુમ થતાં કોડીનાર નગરપાલિકાનો ફાયર સ્ટાફ, સ્થાનિક સેવાભાવી સંસ્થાઓ જેવી કે હરિઓમ ટ્રસ્ટ અને ગુરુ નાનક સેવા મંડળના સભ્યો તુરંત ઘટના સ્થળે દોડી ગયા હતા. શોધખોળના કાર્યને વધુ વેગ આપવા માટે વેરાવળ રેસ્ક્યુ વિભાગના ભૌમિક પરમાર સહિતનો સ્ટાફ પણ કોડીનાર પહોંચ્યો હતો. કલાકો સુધી ચાલેલી સઘન શોધખોળ બાદ આખરે ફાયર વિભાગની ટીમને યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક યુવક અન્ય રાજ્યમાંથી રોજીરોટી મેળવવા માટે કોડીનાર આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે કોડીનારની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક અનુમાન લગાવીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, મુ.અમરેલી//

અપીલ રજી. નં.૧૯૫/૨૦૨૫

અરજદાર :- રહીમભાઈ નબીજીભાઈ મુલતાની
રહે. ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ખીજડીયા રાદડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી રહીમભાઈ નબીજીભાઈ મુલતાનીતેઓનાપુત્રઈમરાનરહીમભાઈ મુલતાનીનીજન્મ (તા.૦૧/૦૬/૧૯૯૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર ૨૧૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ચૌહાણ બુધાભાઈ સાવજભાઈ
સરનામું :- મુ. ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી ચૌહાણ બુધાભાઈ સાવજભાઈ એ તેમના પિતા નામે સ્વ.સાવજભાઈ દેવશીભાઈ ચૌહાણ નું મરણ તા.૦૯/૦૯/૨૦૦૭ અને માતા નામે સ્વ.કડવીબેન સાવજભાઈ ચૌહાણ નું મરણ તા.૦૨/૦૭/૨૦૧૦ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## રાજુલાના મહે. એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. રાજુલા

જન્મ અરજી નં. ૪૪૮/૨૦૨૪

અરજદારશ્રી :- બાંભણીયા પ્રભાબેન રસીકભાઈ
સરનામું :- ઉ.વ.૪૬, ધંધો - ઘરકામ, ધર્મે. હિન્દુ
રહે.વિકટર તા. રાજુલા જી. અમરેલી,

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. વિકટર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિકટર ગામના વતની શ્રી બાંભણીયા પ્રભાબેન રસીકભાઈ અરજદારે તેમની પુત્ર શ્રી બાંભણીયા પિયુષ રસીકભાઈ ની જન્મ તા. ૦૩/૦૬/૧૯૯૫ છે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી. વી. બી. ભીલ મારફત અત્રેની કોર્ટમા ઉપરોકત નંબરથી અરજી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો . તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવેશે. જેની નોંધ લેવી

આજ તારીખ. ૧૪ માહે. નવેમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

મુ. - રાજુલા
તારીખ :- ૧૪/૧૧/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર ૨૦૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી સુખાભાઈ ભગવાનભાઈ ભીલ
સરનામું :- રહે. હિંડોરણા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - હિંડોરણા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના હિંડોરણા મુકામેના શ્રી સુખાભાઈ ભગવાનભાઈ ભીલ એ તેમના પુત્ર નામે ભીલ મનોજભાઈ સુખાભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૦ રોજ રાજુલા તાલુકાના હિંડોરણા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર ૨૧૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા નાનજીભાઈ દેવાતભાઈ
સરનામું :- રહે. ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામેના શ્રી ગુજરીયા નાનજીભાઈ દેવાતભાઈએ તેમના પુત્ર નામે શ્રી ગુજરીયા મયુર નાનજીભાઈ નો જન્મ તા.૧૩/૦૨/૨૦૧૧ ના રોજ ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# દિલ્હી વિસ્ફોટ બાદ ધરપકડ કરાયેલી આતંકી ડૉ. શાહીનનું આઈએમએ દ્વારા આજીવન સભ્યપદ રદ

નવીદિલ્હી,તા.૧૪



દિલ્હી વિસ્ફોટ કેસ અંગે એક મોટી અપડેટ સામે આવી છે. આઈએમએએ દિલ્હી વિસ્ફોટોમાં ડૉ. શાહીનની સંડોવણી અંગે મોટી કાર્યવાહી કરી છે. આઈએમએએ તાત્કાલિક અસરથી ડૉ. શાહીનની આજીવન સભ્યપદમાંથી હકાલપટ્ટી કરી છે. આઈએમએએ કેન્દ્રીય કાર્યાલયને હકાલપટ્ટીની નોટિસ પણ મોકલી છે. ૧૦ નવેમ્બરની સાંજે, દિલ્હીના લાલ કિલ્લા પાસે એક કાર બોમ્બ વિસ્ફોટ થયો. આ વિસ્ફોટમાં ૧૨ લોકો માર્યા ગયા અને ૨૦ થી વધુ ઘાયલ થયા. દિલ્હી વિસ્ફોટ પહેલા, ફરીદાબાદમાં ૨,૯૦૦ કિલોથી વધુ વિસ્ફોટકો મળી આવ્યા હતા, જ્યાં બે વાર વિસ્ફોટકો મળી આવ્યા હતા. શરૂઆતમાં, ૩૦૦ કિલોથી વધુ વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા હતા, અને પછીથી, ૨૫૬૩ કિલો વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી મુઝમ્મિલ નામના અગાઉ ધરપકડ કરાયેલ વ્યક્તિ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે કરવામાં આવી હતી.

# અમરેલીમાં ઓરેન્જ હ્યુન્ડાઈ દ્વારા 'નવી હ્યુન્ડાઈ વેન્યુ' કારનું લોન્ચિંગ

અમરેલી,તા.૧૪





હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ.ના અમરેલી જિલ્લાના એકમાત્ર ઓથોરાઈઝ્ડ ડીલર ઓરેન્જ હ્યુન્ડાઈના મૃણાલ ગાંધી દ્વારા તા. ૧૩/૧૧/૨૦૨૫ના રોજ કોમ્પેક્ટ એસયુવી કાર **NEW VENUE** લોન્ચ કરવામાં આવી. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. જી.જે. ગજેરા અને શાન્તાબા મેડિકલ કોલેજ-સિવિલ હોસ્પિટલના ડીન ડૉ. અશોક રામાનુજ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ લોન્ચિંગ થયુ હતું. નવી વેન્યુમાં સ્ટાઈલિશ દેખાવ, વધેલા વ્હીલબેઝ, પહોળાઈ અને ઊંચાઈ સાથે અત્યાધુનિક ફીચર્સનો સમાવેશ કરાયો છે. આ કાર ૧.૨ પેટ્રોલ (૮૩ **PS**), ૧.૦ લિટર ટર્બો પેટ્રોલ (૧૨૦ **PS**), અને ૧.૫ લિટર ડીઝલ (૧૧૬ **PS**) એમ ત્રણ એન્જિન વિકલ્પોમાં ઉપલબ્ધ છે. કારના મુખ્ય ફીચર્સમાં ૬૫ એડવાન્સ સેફ્ટી ફીચર્સ, **ADAS** લેવલ ૨, પેનોરમિક કર્વ્ડ ૧૨.૩ ઈંચ ડિસ્પ્લે, વેન્ટિલેટેડ સીટ્સ, **BOSE**ની ૮-સ્પીકર મ્યુઝિક સિસ્ટમ અને ૩૬૦ કેમેરાનો સમાવેશ થાય છે. આ કાર ૬ કલર અને ૩૧ વેરિઅન્ટમાં ઉપલબ્ધ છે. નવી વેન્યુની શરૂઆતની કિંમત રૂ. ૭,૮૯,૯૦૦/- (એક્સ-શોરૂમ અમરેલી) રાખવામાં આવી છે. લોન્ચિંગ સમારોહમાં ૬ કારનું વેચાણ થયું હતું. આ કારમાં આરામદાયક મુસાફરીની તેમજ ગ્રાહકોની તમામ જરૂરિયાતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. ન્યુ હુન્ડાઈ કારને અમરેલી જિલ્લામાં સારો પ્રતિસાદ મળ્યો છે.

# શિવસેના(યુબીટી)ના સાંસદે બિહારમાં એનડીએની જીતને ભાજપ અને ચૂંટણી પંચની મીલીભગત ગણાવી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૪

બિહાર ચૂંટણીના વલણો રાષ્ટ્રીય લોકશાહી જોડાણ માટે જંગી વિજય તરફ દોરી રહ્યા હોય તેવું લાગે છે. દરમિયાન, શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) ના નેતા સંજય રાઉતે શુક્રવારે કહ્યું કે ચૂંટણી પરિણામો આશ્ચર્યજનક નથી. તેમણે દાવો કર્યો કે ચૂંટણી પંચ અને ભાજપે સંયુક્ત રીતે તેમનો રાષ્ટ્રીય એજન્ડા પૂર્ણ કર્યો છે. રાઉતે એમ પણ કહ્યું કે બિહારના પરિણામો ૨૦૨૪ ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી જેવા જ છે, જ્યાં શાસક મહાયુતિ ગઠબંધન (ભાજપ, શિવસેના અને એનસીપી) એ જબરદસ્ત વિજય મેળવ્યો હતો. તેમણે લખ્યું, બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામોથી આશ્ચર્ય પામવાની જરૂર નથી. ચૂંટણી પંચ અને ભાજપ રાષ્ટ્રીય એજન્ડાને આગળ વધારવા માટે જે રીતે સાથે મળીને કામ કરી રહ્યા છે તે જોતાં, અલગ પરિણામની અપેક્ષા રાખવી નિરર્થક હતી. મહારાષ્ટ્રમાં આ જ પેટર્ન જોવા મળી છે.

# તપાસ એજન્સીઓને ડૉ. શાહીનના ફોનમાંથી અનેક મહત્વના પુરાવા મળ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪





દિલ્હીમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, તપાસ એજન્સીઓએ તેમની તપાસ વધુ તીવ્ર બનાવી છે. દરમિયાન, લખનૌના રહેવાસી ડૉ. શાહીનની પણ ધરપકડ કરવામાં આવી છે. ડૉ. શાહીન દિલ્હી વિસ્ફોટ અને ફરીદાબાદ આતંકવાદી મોડ્યુલ સાથે પણ જોડાયેલ હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન, તપાસ એજન્સીઓએ ડૉ. શાહીનના ફોનમાંથી અસંખ્ય પુરાવા મેળવ્યા છે. ડૉ. શાહીનના ફોન પરથી જાણવા મળ્યું છે કે આ વ્યક્તિઓ ડૉ. શાહીનના ફોન પર થ્રીમા એપ દ્વારા તેમના નેટવર્ક સાથે વાતચીત કરતા હતા. સૂત્રો કહે છે કે ડૉ. ઉમર, ડૉ. મુઝમ્મિલ અને ડૉ. શાહીન થ્રીમા એપ દ્વારા એકબીજા સાથે વાતચીત કરતા હતા. ખરેખર, થ્રીમા એક એન્ક્રિપ્ટેડ એપ છે. થ્રીમા દ્વારા વાતચીત કરવા માટે ફોન નંબર અથવા ઈમેઈલ સરનામાંની જરૂર નથી, જેના કારણે વપરાશકર્તાઓને ટ્રેસ કરવાનું મુશ્કેલ બને છે. સૂત્રો એમ પણ કહે છે કે ડૉ. ઉમર, ડૉ. મુઝમ્મિલ અને ડૉ. શાહીન થ્રીમા એપ દ્વારા સંવેદનશીલ દસ્તાવેજો, નકશા અને લેઆઉટ પ્લાન એકબીજા સાથે શેર કરતા હતા.

# બિહાર ચૂંટણીમાં આવેલા પરિણામો જોઈને કોંગ્રેસના કાર્યકરો ગુસ્સામાં ભડકી ઉઠ્યા

નવીદિલ્હી,તા.૧૪

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા છે જેમાં એનડીએ ગઠબંધને ભારે જીત હાંસલ કરી છે. આ દરમિયાન, રાજદ, કોંગ્રેસ, ડાબેરી અને વીઆઈપીના મહાગઠબંધનનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે. ચૂંટણી પરિણામો જાહેર થયા પછી, કોંગ્રેસના કાર્યકરો ગુસ્સામાં ભડકી ઉઠ્યા હતાં અને તેઓએ વિરોધ કર્યો હતો અને ભાજપ પર આરોપ લગાવ્યા હતાં. બિહાર વિધાનસભા ચૂંટણી પરિણામો સામે દિલ્હીના ૨૪ અકબર રોડ પર કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યું. કોંગ્રેસના કાર્યકરોએ આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકારે બિહાર ચૂંટણી લૂંટી લીધી છે અને આગળ બંગાળ છે. રાહુલ-પ્રિયંકા ગાંધી સેનાના સભ્યોએ ૨૪ અકબર રોડ પર કોંગ્રેસના કાર્યાલય પર સૂત્રોચ્ચાર કર્યા, 'મત ચોરો, ગાદી છોડી દો' અને 'પહેલા અમે ગોરાઓ સામે લડ્યા, હવે અમે ચોરો સામે લડીશું.' ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ ફક્ત ૪ બેઠકો જીતી શકી છે.

# દિલ્હીમાં થયેલા વિસ્ફોટની ઈરાને ત્રણ દિવસમાં બીજી વાર આતંકી ઘટના ગણાવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪



૧૦ નવેમ્બરની સાંજે રાજધાની દિલ્હીમાં થયેલા ભયાનક આતંકવાદી વિસ્ફોટ અંગે ઈરાને ૭૨ કલાકમાં બીજી વખત કડક પ્રતિક્રિયા આપી છે. ઈરાને દિલ્હી વિસ્ફોટની સખત નિંદા કરી છે, તેને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. ઈરાનનો આ મજબૂત સંદેશ ઈરાનથી લઈને યુનાઈટેડ સ્ટેટ્સ સુધીના દરેક માટે એક મજબૂત સંદેશ છે, અને ઈરાન અને ભારત વચ્ચેની મજબૂત મિત્રતાનું પ્રતીક પણ છે.

ભારતમાં ઈરાની દૂતાવાસે સોમવારે દિલ્હી હુમલા પર પોતાના પ્રથમ પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, ભારતમાં ઈરાની ઈસ્લામિક રિપબ્લિકન દૂતાવાસે દિલ્હીમાં કાર બોમ્બ વિસ્ફોટની ઘટનામાં ઘણા ભારતીય નાગરિકોના મૃત્યુ અને ઈજા પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. તે ભારતની સરકાર અને લોકો પ્રત્યે પણ ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. દૂતાવાસે પીડિતોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે પણ હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી છે અને તેમને ધીરજ અને સાંત્વના અને આ દુઃખદ ઘટનામાં ઘાયલ થયેલા લોકો માટે ઝડપથી સ્વસ્થ થવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

દિલ્હી હુમલા પછી ૭૨ કલાકની અંદર ઈરાને પોતાનો બીજો પ્રતિસાદ જારી કર્યો. આ વખતે, ઈરાનનો પ્રતિભાવ ખૂબ જ મજબૂત અને અભિવ્યક્ત હતો.

# નાસિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભમેળાની તૈયારી પૂરજોશમાં શરૂ, મુખ્યમંત્રી ફડણવીસે ૫,૭૫૭ કરોડના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો

નાશિક,તા.૧૪



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે આગામી સિંહસ્થ કુંભમેળા માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જે નાસિકને એક મુખ્ય પ્રવાસન અને યાત્રાધામ તરીકે સ્થાપિત કરશે. ફડણવીસે ૫,૭૫૭ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો હતો. અનેક પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યા પછી, ફડણવીસે જણાવ્યું હતું કે આ બધા કામો પારદર્શક રીતે હાથ ધરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે દર ૧૨ વર્ષે એકવાર યોજાતા આ ઉત્સવ માટે ભંડોળની કોઈ અછત રહેશે નહીં.

ભૂમિપૂજન સમારોહ પછી એક રેલીમાં, મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું, અમે આયોજન કર્યું છે કે આ બધા કામો ઓછામાં ઓછા ૨૫ વર્ષ સુધી ચાલશે અને નાસિક અને ત્ર્યંબકેશ્વરને બદલી નાખશે. આનાથી નાસિક એક મુખ્ય પ્રવાસન અને યાત્રાધામ બનશે. રાજ્ય સરકાર આ કાર્યો માટે સંપાદિત જમીન માટે સારું વળતર આપશે. તેમણે કહ્યું, આ કુંભ ખાસ છે અને ૭૫ વર્ષ પછી 'ત્રિખંડ યોગ' દરમિયાન પડી રહ્યો છે. તેથી, તે ૨૮ મહિના સુધી ચાલુ રહેશે. તે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી શરૂ થશે અને ૨૪ જુલાઈ, ૨૦૨૮ સુધી ચાલુ રહેશે. વિશ્વભરના લોકો પ્રયાગરાજ કુંભમાં આવ્યા છે, અને નાસિક કુંભ પણ આ પરંપરાનો એક ભાગ છે.

# કોલકાત્તા ટેસ્ટમાં ભારત સામે દ.આફ્રિકા ૧૫૯માં ઓલઆઉટ

કોલકાતા,તા.૧૪

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ ખાતે સીરિઝની પહેલી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. ત્યારે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી દક્ષિણ આફ્રિકાની ટીમ ૧૫૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ટીમ તરફથી જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ લીધી હતી. જ્યારે કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાજે પણ બે-બે વિકેટ લીધી હતી. આ દક્ષિણ આફ્રિકાનો ઈડન ગાર્ડન્સ ખાતે પહેલી ઈનિંગનો સૌથી ઓછો સ્કોર છે. અગાઉ ઈડન ગાર્ડન્સ ખાતે દક્ષિણ આફ્રિકાની પહેલી ઈનિંગનો સૌથી ઓછો સ્કોર ૨૨૨ હતો. એડન માર્કરમ અને રાયન રિકલ્ટને દક્ષિણ આફ્રિકાને મજબૂત શરૂઆત અપાવી, જેમાં તેમણે ૫૭ રનની ભાગીદારી કરી. ત્યારબાદ વિકેટો પડવાની શરૂઆત થઈ. માર્કરમ ૩૧ અને રિકલ્ટન ૨૩ રન બનાવીને આઉટ થયા હતા. કેપ્ટન ટેમ્બા બાવુમા માત્ર ૩ રન બનાવીને આઉટ થયો. ટોની ડી જોરજીએ પણ સારી શરૂઆત કરી, પરંતુ તેની ઈનિંગ્સ ૫૫ બોલમાં ૨૪ રન પર સમાપ્ત થઈ હતી.

# રાજકોટમાં બે માસુમ દીકરીઓની હત્યા કર્યા બાદ માતાનો પણ આપઘાત

રાજકોટ,તા.૧૪

રાજકોટના નવાગામ વિસ્તારમાં કરુણ ઘટના બની છે. બન્ને દીકરીઓની હત્યા કર્યા બાદ માતાએ પણ આપઘાત કર્યો. શહેરના નવાગામ વિસ્તારમાં આવેલ શક્તિ સોસાયટીમાં આ ઘટના બની હતી. અસ્મિતાબેન સોલંકીએ ૨ પુત્રીને ગળાફાંસો દઈ હત્યા કર્યા પછી પોતે પણ ફાંસો ખાઈ આપઘાત કર્યો. હત્યા અને આપઘાતનું કારણ હજુ પણ અકબંધ છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટના નવાગામ વિસ્તારમાં આવેલ શક્તિ સોસાયટીમાં એક હૃદયદ્રાવક બનાવ સામે આવ્યો છે. મળતી વિગતો અનુસાર અસ્મિતાબેન જયેશભાઈ સોલંકીએ પોતાના જીવનનો અંત લાવતાં પહેલાં પોતાની બે નાની દીકરીઓ – પ્રિયાંશી અને હર્ષિતાની ગળાફાંસો આપી હત્યા કરી દીધી, પછી માતાએ છત ઉપર ખીંટીએ ટીંગાઈને આપઘાત કર્યો હતો.

# દિલ્હીમાં વિસ્ફોટ કરનાર ડૉ. ઉમરનું પુલવામા સ્થિત ઘર સુરક્ષાદળોએ તોડી પાડ્યું

નવીદિલ્હી,તા.૧૪




લાલ કિલ્લા પર વિસ્ફોટ કરનાર આતંકવાદી ડૉ. ઉમર ઉન નબીનું ઘર જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં તોડી પાડવામાં આવ્યું છે. ગામલોકોએ કહ્યું કે ઉમર શાંત માણસ હતો. તે ફક્ત જરૂર પડ્યે જ ઘરની બહાર નીકળતો. ઘણા લોકો તેનું નામ પણ જાણતા નથી. અમર ઉજાલા ટીમે કોઈલમાં ઉમરના ગામની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે મુલાકાત લીધી. કોઈલના નાના બજારમાં, લોકો શરૂઆતમાં મીડિયા સાથે વાત કરવામાં અચકાતા હતા. કોઈ ફોટા કે વીડિયો લેવામાં આવશે નહીં તેની ખાતરી આપવામાં આવ્યા પછી, કેટલાક સંમત થયા. કરિયાણાની દુકાનના માલિક, મોહમ્મદ શફી, ડૉ. ઉમર વિશે પૂછવામાં આવતા, તેમણે કહ્યું, મેં તેને ક્યારેય બીજા છોકરાઓની જેમ બજારમાં ફરતા જોયો નથી.

# પાકિસ્તાનમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા નબળી પાડતા સુધારાથી નારાજ સુપ્રીમના બે જજનું રાજીનામુ

**૨૭મા બંધારણીય સુધારાને પાકિસ્તાનના બંધારણ પર ગંભીર હુમલો ગણાવતા ન્યાયાધિશ**

ઈસ્લામાબાદ,તા.૧૪




પાકિસ્તાનમાં ન્યાયતંત્રની સ્વતંત્રતાને નબળી પાડતા વિવાદાસ્પદ ૨૭મા બંધારણીય સુધારાને પગલે મોટું રાજકીય અને બંધારણીય સંકટ ઊભું થયું છે. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ સુધારાને મંજૂરી આપ્યાના ગણતરીના કલાકોમાં જ સુપ્રીમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયાધીશો, ન્યાયાધીશ મન્સૂર અલી શાહ અને ન્યાયાધીશ અતહર મિનલ્લાહે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરાયેલો આ ૨૭મો બંધારણીય સુધારો, પાકિસ્તાનમાં એક ફેડરલ બંધારણીય અદાલતની સ્થાપના કરશે, જે ફક્ત બંધારણીય બાબતોની સુનાવણી કરશે. જ્યારે હાલની સુપ્રીમ કોર્ટ માત્ર નાગરિક અને ફોજદારી બાબતો સુધી મર્યાદિત રહેશે. ન્યાયાધીશ મન્સૂર અલી શાહે તેમના રાજીનામા પત્રમાં આ સુધારાને પાકિસ્તાનના બંધારણ પર ગંભીર હુમલો ગણાવ્યો છે. તેણે રાજીનામા પત્રમાં લખ્યું, 'સુપ્રીમ કોર્ટની સત્તાઓને નાબૂદ કરે છે, ન્યાયતંત્રને કારોબારી હેઠળ લાવે છે અને બંધારણીય લોકશાહીના મૂળ પર પ્રહાર કરે છે.'

# યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને ભ્રષ્ટાચાર કૌભાંડનો સામનો કરવાની ફરજ પડી

કિવ,તા.૧૪



રશિયા સાથે સાડા ત્રણ વર્ષથી વધુ લાંબા યુદ્ધ વચ્ચે યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને અભૂતપૂર્વ ભ્રષ્ટાચાર કૌભાંડનો સામનો કરવાની ફરજ પડી છે. દરમિયાન, યુક્રેનના સેના પ્રમુખે યુક્રેનના મુખ્ય શહેરોનો પ્રવાસ કરીને ખળભળાટ મચાવ્યો છે. યુક્રેનના ટોચના લશ્કરી કમાન્ડરે ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે પૂર્વીય મોરચા પર એક મુખ્ય શહેરની મુલાકાત લીધી છે જ્યાં સૈનિકો તૈનાત છે અને રશિયન દળોથી ઘેરાયેલા છે. દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી તેમની સરકારને ઘેરી રહેલા ભ્રષ્ટાચાર કૌભાંડની અસરનો સામનો કરી રહ્યા છે. ઉર્જા ક્ષેત્રમાં કથિત ભ્રષ્ટાચારની તપાસ વચ્ચે બુધવારે ઝેલેન્સકીના ન્યાય અને ઉર્જા મંત્રીઓના રાજીનામા બાદ, સરકારે રાજ્યની માલિકીની પરમાણુ ઉર્જા કંપની, એનર્ગોએટોમના ઉપપ્રમુખને પણ બરતરફ કર્યા, જે કથિત લાંચ કૌભાંડના કેન્દ્રમાં હોવાનું માનવામાં આવે છે. યુક્રેનના વડાપ્રધાન યુલિયા સ્વિરિડેન્કોએ ગઈકાલે મોડી રાત્રે જાહેરાત કરી હતી કે એનર્ગોએટોમના નાણાકીય, કાનૂની અને પ્રાપ્તિ વિભાગના વડાઓ તેમજ કંપનીના પ્રમુખના સલાહકારને તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. કિવની એક અદાલતે ભ્રષ્ટાચાર વિરોધી દેખરેખ રાખનારાઓના પુરાવાઓની સુનાવણી શરૂ કરી છે, જેની ૧૫ મહિનાની તપાસ, જેમાં ૧,૦૦૦ કલાકના વાયરટેપિંગનો સમાવેશ થાય છે, જેના કારણે આ યોજનામાં પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે અને સાત અન્ય લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં અંદાજે $૧૦૦ મિલિયનનો કબજો લેવામાં આવ્યો છે.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી

તથા

## જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્ર મોદી**ના

વરદ્હસ્તે

**₹૯,૭૦૦ કરોડ**થી વધુના વિકાસ પ્રકલ્પોનાં

**લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### પ્રેરક ઉપસ્થિતિ

**શ્રી આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલ, ગુજરાત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### વિશેષ અતિથિ

**શ્રી નરેશભાઈ પટેલ**
માનનીય મંત્રી, ગુજરાત

**શ્રી મનસુખભાઈ વસાવા**
માનનીય સંસદસભ્ય, ગુજરાત

**ડૉ. જયરામભાઈ ગામિત**
માનનીય રા.ક. મંત્રી, ગુજરાત

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, ગુજરાત

**તારીખ:** ૧૫-૧૧-૨૦૨૫ | **સમય:** બપોરે ૨ વાગે | **સ્થળ:** ડેડીયાપાડા, જિલ્લો: નર્મદા

રાજ્યના ૨૩ આદિજાતિ તાલુકાઓમાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ

## હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

ગુજરાત સરકાર આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે
**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત